RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 247* Date: 04.07.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંક્રમિતોનો આંકડો ૬.૪૮ લાખને પાર,કુલ મૃત્યુઆંક ૧૮ હજારથી વધુ

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૨૨,૭૭૧ કેસઃ ૪૪૨ના મોત

### ૨૪ કલાકમાં ૧૪૩૩૫ લોકો સ્વસ્થ્ય થયા, રિકવરી રેટ ૬૦.૮૦ટકા સુધી પહોંચ્યો,અત્યાર સુધી ૯૫.૪૦ લાખ કોરોના ટેસ્ટ કરાયા



ન્યુ દિલ્હી,તા.૪

અનલોક-૨ના ત્રીજા દિવસે એટલે કે ગઈકાલે શુક્રવારના રોજ દેશભરમાં ૨૪ કલાકમાં કોરોનાનાં ૨૨,૭૭૧ નવા કેસો નોંધાયા હતા. અને વધુ ૪૪૨ લોકોનાં મોત થયા હતા.ગુરૂવારે ૨૧ હજારની આસપાસ કેસો નોંધાયા તો હવે આ આંકડો ૨૨ હજારની ઉપર પહોંચ્યો છે. જે દર્શાવે છે કે છૂટછાટો વધતાં કોરોનાના કેસો પણ વધી રહ્યાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. તેવામાં હાલમાં શાળા-કોલેજો, જીમ, સિનેમાહાઉસ વગેરે. બંધ રાખવાનો નિર્ણય યોગ્ય હોવાનો મંત વ્યક્ત થઈ રહ્યો છે.. શુક્રવારે રિકવરી રેટ ૬૦ ટકાથી ઉપર ગયો હતો. છેલ્લા ૧૦ દિવસમાં તેમા ૪ ટકાનો વધારો થયો છે. ૨૪ જૂનના રોજ રિકવરી રેટ ૫૬ ટકા હતો. આમ તેના વધારોને સારી બાબત માનવામાં આવી રહી છે. દિલ્હીની સૌથી મોટી કોવિડ હોસ્પિટલમાં ગલવાન શહીદોના નામથી વિવિધ વોર્ડનું નામાંકરણ કરવાનો નિર્ણય લેવાયો છે.

૧ જુલાઈથી અનલોક-૨નો આરંભ શરૂ થયા બાદ દેશભરમાં કોરોનાના કેસો દિવસેને દિવસે વધી રહ્યા છે અને ૨૨,૭૭૧ નવા કેસો સાથે નવો આંકડો ૬ લાખ ૪૯ હજારને પાર કરી ગયો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૬,૪૯,૮૮૯ કેસ નોંધાયા છે, જેમાં ૩, ૯૪,૩૧૯ દર્દીઓ સાજા થયા છે. આજે શનિવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકના ગાળામાં વધુ ૪૪૨ના મોત થતાં કુલ મોતનો આંકડો ૧૮,૬૬૯ પર પહોંચ્યો છે. દેશમાં હાલમાં ૨,૩૬,૮૩૫ સક્રિય કેસ છે. એ જ રીતે, છેલ્લા ૨૪ કલાકમાં, રાજધાની દિલ્હીમાં કોરોનાના ૨,૫૨૦ નવા કેસ નોંધાયા છે, જે કુલ કેસ ૯૪,૬૯૫ પર પહોંચી ગયા છે. તે જ સમયે, છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૬,૩૬૪ કેસ નોંધાયા છે.

બીજી તરફ, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૮૦ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૩૩૫ લોકો સાજા થયા છે. આ સાથે જ સાજા થનારાઓનો આંકડો વધીને ૩,૯૪,૨૨૭ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ ૨,૩૬,૮૩૫ કરતા વધારે છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૯૨૯૯૦ કેસ નોંધાયા છે જ્યારે ૮૩૭૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અહીંયા ૧ લાખ ૪ હજારથી વધુ દર્દી સાજા થયા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૨૭૨૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૩૮૫ લોકોના મોત થયા છે. અને અહીંયા ૫૮ હજારથી વધુ દર્દી સાજા થયા છે. ત્યારબાદદાજધાની દિલ્હીમાં ૯૪૬૯૫ કેસ નોંધાયા છે જ્યારે ૨૮૬૪ લોકોએ જીવ ગુમાવ્યા છે

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે શનિવારે જણાવ્યું કે, દેશમાં અત્યાર સુધી ૯૫ લાખ ૪૦ હજાર ૧૩૨ થી વધુ ટેસ્ટ કરાયા છે. ૩ જૂલાઈએ ૨ લાખ ૪૨ હજાર ૩૮૩ ટેસ્ટ કરાયા હતા. તો બીજી તરફ સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને જણાવ્યું કે, દેશમાં અત્યાર સુધી ૧૧ હજાર ૩૦૦ વેન્ટીલેટર બનાવાયા છે. જેમાંથી ૬૧૫૪ વેન્ટીલેટર હોસ્પિટલને સોંપી દેવાયા છે. સાથે જ આખા દેશમાં ૧.૦૨ લાખ ઓક્સિજન સિલેન્ડરની સપ્લાઈ કરાઈ છે.

બીજી બાજુ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ દિલ્હીમાં બનીને તૈયાર થઈ રહેલી દેશની સૌથી મોટી કોવિડ હોસ્પિટલમાં ગલવાન શહીદોના નામથી વિવિધ વોર્ડનું નામાંકરણ કરવાનો નિર્ણય લીધો છે. છતરપુરમાં આવેલી આ હોસ્પિટલમાં એક સાથે ૧૦ હજાર દર્દીને રાખવાની ક્ષમતા છે. આ હોસ્પિટલના સંચાલનની જવાબદારી બે હજારથી વધારે ITBI જવાનો પાસે છે. ભારત દેશમાં સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ચોથા ક્રમાંક પર છે.તમિળનાડુમાં દર્દીઓની સંખ્યા પણ સતત વધી રહી છે. રાજ્યમાં વધુ ૪,૩૨૯ નવા કેસ નોંધાયા છે અને ચેપગ્રસ્ત લોકોની સંખ્યા અત્યાર સુધીમાં એક લાખ સુધી પહોંચી ગઈ છે. રાજ્યમાં આ રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૬૪ લોકોનાં મોત નીપજયાં છે. આ જ રીતે, આંધ્રપ્રદેશમાં ૭ ૮૩૭ નવા કેસ મળી આવ્યા છે અને ચેપગ્રસ્ત થવાનો આંકડો ૧ ૧૬,૯૩૪. પર પહોંચી ગયો છે. કેરળમાં દર્દીઓની સંખ્યા ૨૧૧ નવા કેસ સાથે વધીને ૪,૯૬૫ થઈ ગઈ છે.

### ધર્મ ચક્ર દિવસની ઉજવણી,વડાપ્રધાને સંબોધનમાં શાંતિનો સંદેશ આપ્યો

# વિશ્વ સામે રહેલા વર્તમાન પડકારોનો ઉકેલ બુદ્ધના આદર્શોમાં છેઃ મોદી

### ભગવાન બુદ્ધે બતાવેલા માર્ગ અનેક સમાજ તેમજ રાષ્ટ્રને કલ્યાણના પથે લઈ ગયા,ભગવાન બુદ્ધનો આઠ ગણો માર્ગ સમાજ અને દુનિયાને રસ્તો દેખાડે છે, બૌદ્ધ ધર્મે અહિંસા અને શાંતિનો સંદેશ આપ્યો



ન્યુ દિલ્હી,તા.૪

સાંસ્કૃતિક મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિસંઘના અનુક્રમે ધર્મ ચક્ર દિવસની ઉજવણી કરવામાં આવી. આજના દિવસે જ એટલે કે અષાઢ પૂર્ણિમાના દિવસે ભગવાન બુદ્ધે પોતાના પ્રથમ પાંચ શિષ્યોને ઉપદેશ આપ્યો હતો. આ દિવસે સમગ્ર દુનિયામાં બૌદ્ધ ધર્માનુયાયીઓ ધર્મ ચક્ર પ્રવર્તન દિવસ તરીકે ઉજવે છે. હિંદુ ધર્મા પણ આજનો દિવસ ગુરુ પ્રત્યે સમ્માન વ્યક્ત કરવાનો હોય છે જેથી તેને ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સવારે ૯ વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમં ધર્મ ચક્ર દિવસનું ઉદ્ઘાટન કર્યું. જે બાદ વડાપ્રધાન મોદીએ વીડિયો સંદેશ દ્વારા આ સમ્મેલન અને દેશવાસીઓને સંબોધિત કરતા કહ્યું કે બૌદ્ધ ધર્મ લોકોને પ્રત્યેક વ્યક્તિ અને પ્રકૃતિની દરેક વસ્તુ પ્રત્યે આદરભાવ શીખવે છે. લોકો માટે આદર, ગરિબો માટે આદર, મહિલાઓ માટે આદર, શાંતિ અને અહિંસા પ્રત્યે આદર આ કારણે જ બુદ્ધ દ્વારા આપવામાં આવેલ ઉપદેશ આજે પણ પ્રાસંગિક છે.

પીએમ મોદીએ ઉમેર્યું કે ગૌતમ બુદ્ધે સારનાથમાં આપેલ પોતાના પહેલા ઉપદેશમાં પછી બીજી બે મહત્વની વાત જોડી હતી તે છે આશા અને ઉદ્દેશ્ય. તેમણે આ બંને વચ્ચે એક મજબૂત સંબંધ જોયો કેમ કે આશા જ ઉદ્દેશ્યને જન્મ આપે છે. તેમણે કહ્યું કે આજના યુવાનો જ વૈશ્વિક સમસ્યાનો હલ લાવી શકે છે. ભારત પાસે સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ છે. હું મારા યુવાન મિત્રોને અપીલ કરવા માગુ છું કે તેઓ બુદ્ધના વિચારો સાથે જોડાય. પોતે પણ તેનાથી પ્રોત્સાહિત થાય અને બીજાને પણ પ્રોત્સાહિત કરે.

તેમણે વધુમાં ઉમેર્યું કે અમે બુદ્ધ સાથે જોડાયેલા તમામ સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. થોડ દિવસો પહેલા જ કેબિનેટ દ્વારા કુશીનગરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે મંજૂરી આપવામાં આવી છે. જેથી અનેક લોકો અને યાત્રીઓ આ તીર્થસ્થાને જઈ શકશે. ગૌતમ બુદ્ધના વિચારો દરેકના જીવનમાં અને આપણા ભવિષ્યમાં પ્રકાશ, એકબીજા સાથે ભાઈચારાથી રહેવાની પ્રેરણા લઈને આવે અને તેમનો આશિર્વાદ આપણને સારા કાર્યો કરવા માટે પ્રેરિત કરે.

આ તકે મંગોલિયાના રાષ્ટ્રપતિનું એક વિશેષ સંબોધન પણ વાચવામાં આવ્યું અને મંગોલિયામાં સદીયોથી સંરક્ષિત ભારતીય મૂળની એક બહૂમૂલ્ય પાંડુલિપિ ભારતના રાષ્ટ્રપતિને ભેંટ કરવામાં આવી.

### પોલીસે દરોડા પાડીને ૧૨ જેટલા શંકાસ્પદ લોકોની ધરપકડ કરી

# કાનપુર ફાયરિંગઃ ગેંગસ્ટર વિકાસ દુબે પર ૫૦ હજારનું ઈનામ જાહેર

### ૫૦૦ ફોન સર્વિલન્સ ઉપર,વિકાસ દુબેના ફોન કોલ ડિટેલમાં કેટલાક પોલીસવાળાઓના નંબર પણ હોવાનો ખુલાસો

કાનપુર,તા.૪

કાનપુરમાં અથડામણ દરમિયાન આઠ પોલીસ કર્મચારીની હત્યા માટે જવાબદાર કુખ્યાત ગુનેગાર વિકાસ દુબેની જાણકારી આપનારાને ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. કાનપુરના આઈજી મોહિત અગ્રવાલે શુક્રવારે આ ઈનામની જાહેરાત કરી હતી. હાલ વિકાસ દુબેનું પગેરૂં મેળવવા અનેક લોકોની ગહન પુછપરછ ચાલી રહી છે અને મોહિત અગ્રવાલે વિકાસનું ઠેકાણું જણાવનારની વિગતો ગુપ્ત રાખવામાં આવશે તેની ખાતરી આપી છે.

કાનપુરમાં ચૌબેપુર અંતર્ગતના જે થાણા ક્ષેત્રમાં હિસ્ટ્રીશીટર વિકાસ દુબેના માણસોએ આઠ પોલીસ કર્મચારીની હત્યા કરી તે થાણામાં વિકાસ વિરૂદ્ધ ૬૦ જેટલા કેસ નોંધાયેલા છે. કાનપુર ખાતેની આ અથડામણ બાદ વિકાસ દુબે યુપી પોલીસ માટે મોસ્ટ વોન્ટેડ આરોપી બની ગયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર પ્રદેશ પોલીસ માટે મોસ્ટ વોન્ટેડ બની ગયેલા વિકાસ દુબેને શોધવા માટે પોલીસ આખી રાત દરોડા પાડતી રહી. બીજી તરફ સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે કે ચૌબેપુર પોલીસ સ્ટેશનના જ એક પોલીસે જ વિકાસ દુબેને પોલીસ દરોડા પાડવા માટે આવવાના હોવાની માહિતી આપી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે વિકાસ દુબેના ફોન કોલ ડિટેલમાં કેટલાક પોલીસવાળાઓના નંબર પણ હોવાનો ખુલાસો થયો છે. જે અત્યંત આશ્ચર્ય પમાડનારી હકીકત છે. પોલીસે રાત દરમિયાન જે-જે લોકોના ઘરે દરોડા પાડ્યા હતા તે તમામ વિકાસના પરિવાર અને મિત્રોના ઘર હતા.

પોલીસે મોસ્ટ વોન્ટેડ વિકાસ દુબેના ગામના અનેક ડઝન લોકોને કસ્ટડીમાં લીધા છે તથા સમગ્ર ઘટનાક્રમ અને હુમલાના માસ્ટરમાઈન્ડ વિકાસ અંગે પુછપરછની તૈયારી ચાલી રહી છે. આ સાથે જ પોલીસે આશરે ૫૦૦ જેટલા ફોન નંબર્સ સર્વિલન્સ પર લગાવ્યા છે. સમગ્ર બિકરૂ ગામમાં પોલીસની સજ્જડ તૈનાતી કરવામાં આવી છે તથા ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

### કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનું મહત્વપૂર્ણ નિવેદન

# અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ૫૦થી ૬૦ લાખ કરોડના સીધા વિદેશી રોકાણની જરુર

ન્યુ દિલ્હી,તા.૪

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે કોરોનાથી પ્રભાવિત અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ભારતને ૫૦ થી ૬૦ લાખ કરોડના સીધા વિદેશી રોકાણની જરૂર પડશે. આ રોકાણ મુખ્યત્વે માળખાગત પ્રોજેક્ટ્સ તેમજ એમએસએમઇ ક્ષેત્રમાં લાવી શકાય છે. વિદેશી સીધા રોકાણ (એફડીઆઇ) એ સમયની જરૂરિયાત છે અને આવા ફંડથી દેશને ફાયદો થશે, કેમ કે બજારને રોકડ રકમની જરૂર પડે છે.મંદી, અણઘડ આર્થિક નીતિ અને લોકડાઉન લાગુ કરવાને કારણે આર્થિક પ્રવૃત્તિમાં ભારે અડચણ આવી છે. માર્ગ પરિવહન, ધોરીમાર્ગો અને એમએસએમઇ પ્રધાને જણાવ્યું કે, દેશને આ સમયે રોકડની જરૂર છે. રોકડ વિના આપણી અર્થવ્યવસ્થાનું ચક્ર ઝડપથી આગળ વધશે નહીં. હાઈવે, એરપોર્ટ, જળમાર્ગ, રેલ્વે, લોજિસ્ટિક્સ પાર્ક, બ્રોડગેજ અને મેટ્રો, માઇક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો સહિતના માળખાગત ક્ષેત્ર સિવાય. આ ક્ષેત્રમાં મોટા પાયે વિદેશી રોકાણ આવી શકે છે.

તેમણે કહ્યું કે, ‘‘એમએસએમઇ, નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ અને બેંકોમાં એફડીઆઈની જરૂર છેપ અમે હાઈવે ક્ષેત્રે વિદેશી રોકાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ગડકરીએ વધુમાં કહ્યું કે, એમએસએમઇ સહિત વિવિધ ક્ષેત્રો માટે દુબઇ અને યુએસ. ના રોકાણકારો સાથે વાટાઘાટો ચાલી રહી છે.નીતિન ગડકરીએ કહ્યું કે કાશ્મીર અને લદાખ ક્ષેત્ર વચ્ચે આખા વર્ષોથી જોડાણ માટેની વ્યૂહરચનાત્મકરૂપે મહત્વપૂર્ણ ઝોજિલા ટનલ પર કામ ટૂંક સમયમાં શરૂ થશે. આ ટનલ પ્રોજેક્ટ લગભગ ૬ વર્ષથી અટવાયેલો છે. શ્રીનગર-કારગિલ-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ૧૧,૫૭૮ ફૂટની ઊંચાઇ પર સ્થિત જોજીજા પાસ, વ્યૂહાત્મક મહત્વનું છે. તે ભારે બરફવર્ષાને કારણે શિયાળામાં અટકે છે. કાશ્મીરથી લદ્દાખ કાપી નાખે છે.

# લદ્દાખવાસીઓ ચીની ઘૂસણખોરીને લઈ એલર્ટ રહે, તેમની અવગણના મોંઘી પડશેઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૪

ચીન સાથેના તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લેહની મુલાકાત લીધી હતી. વડાપ્રધાનની આ મુલાકાત બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સરકારને લદ્દાખમાં ચીનની ઘૂસણખોરી મામલે તેના વિરૂદ્ધ પગલા લેવા વિનંતી કરી છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, દેશભક્ત લદ્દાખવાસીઓ ચીનની ઘૂસણખોરી વિરૂદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. તેમના અવાજની અવગણના ન કરવી જોઈએ અને સરકારે તેમની વાત સાંભળવી જોઈએ.રાહુલ ગાંધીએ એક વીડિયો ટ્વિટ કરી હતી જેમાં કેટલાક લદ્દાખવાસીઓ ચીનની ઘૂસણખોરીની વાત કરતા સંભળાય છે. આ વીડિયોમાં ચીનની ઘૂસણખોરી અને તેમની ગતિવિધિઓ સાથે સંકળાયેલા કેટલાક ફોટો પણ દર્શાવ્યા છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ‘દેશભક્ત લદ્દાખવાસીઓ ચીનની ઘૂસણખોરી વિરૂદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. તેઓ બૂમો પાડી પાડીને ચેતવણી આપી રહ્યા છે. તેમની ચેતવણીને નજરઅંદાજ કરવી ભારતને મોંઘી પડી શકે છે. મહેરબાની કરીને ભારત માટે થઈ તેમને સાંભળો.‘

લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) ખાતે ચીનના કથિત આક્રમણને લઈ રાહુલ ગાંધી સતત હુમલો કરી રહ્યા છે. તેમણે શુક્રવારે પણ લદ્દાખવાસીઓ ચીને આપણી જમીન છીનવી લીધી તેમ કહે છે તેવો દાવો કર્યો હતો. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, વડાપ્રધાન કહે છે કે કોઈએ આપણી જમીન નથી લીધી પરંતુ સ્પષ્ટ રીતે કોઈ ખોટું બોલી રહ્યું છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં કેટલાક લોકો ચીની સૈનિકો આપણા ક્ષેત્રમાં ઘૂસી ગયા હોવાનું જણાવે છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા : ૭૧૨
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૩૫૩૯૮
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુઃ ૨૧
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા : ૪૭૩
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૫૪૧૪

## તંત્રી સ્થાનેથી...

### ભારત કોરોના રસી શોધમાં સફળ પરંતુ મોદીજીને મળતો યશ રોકવામાં આઈટી સેલની ભૂલ કે પછી...!?

*વિશ્વભરમાં કોરોનાનો ફુફાડો દોડતોજ રહ્યો છે પરંતુ હવે તે સ્થળ બદલવા લાગ્યો છે પરિણામે વિશ્વભરમાં કોરોના કેસનો આંક ૧ કરોડ ૧૧ લાખથી આગળ વધી રહ્યો છે અને મૃતાક ૫ લાખ ૩૦ હજાર થવા તરફ આગળ વધી રહ્યો છે.ભારતમાં કોરોના સંક્રમિતનો આંક સાડા છ લાખ થવા તરફ જઈ રહ્યો છે જ્યારે મૃત્યુ આંક ૧૮,૭૦૦ એ પહોંચવાની તૈયારીમાં છે. ભારતમાં દિલ્હી, મહારાષ્ટ્ર, કર્ણાટકા, તેલંગણા, ગુજરાત રાજ્યમા કોરોના ગ્રસ્તોની સંખ્યા અને મૃતાક વધુ છે. કોરોના મહામારીને નાથવા વિશ્વ ભરના વૈજ્ઞાનિકો, તજજ્ઞો ભારે પ્રયત્નો કરી રહ્યા છે. દોઢ-બે મહિના પહેલા વિશ્વના છે જેટલા દેશોએ કોરોના મારક દવા શોધી કાઢી હોવાનો દાવો કર્યો હતો પરંતુ આજદિન સુધી દાવેદાર તરીકે કોઈપણ દેશની દવા બજારમાં આવી નથી. ત્યારે ભારતમાં કોરોના મારક દવા શોધી કાઢી હોવાનો દાવો બે કંપનીઓએ કર્યો છે. તે બંન્ને બધા પ્રકારની પ્રક્રિયામાંથી પસાર થઈ છે.હવે હ્યુમન ટ્રાયલ શરૂ થઈ છે. જે બંને દવા કંપનીઓ ૧૫ ઓગસ્ટ બજારમાં મૂકાશે તેવો દાવો પણ થઈ રહ્યો છે. આ સમાચારે દેશભરમાં આનંદનુ મોજુ ફરી વળ્યું છે. આ બે કંપની પૈકી ગુજરાતના અમદાવાદમાં આવેલ ઝાયડ્ઝ ફાર્માસ્યુટિકલ કંપની એ સંપૂર્ણ સ્વદેશી દવા તૈયાર કરી છે તો ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક સાથે મળીને દવા બનાવી છે. હાલના સમયમા ગુજરાતમાં કોરોના માટેની ખાસ દવા રેમેડેસિવિર માટે અનેકો દોડી રહ્યા છે. આ દવાથી કોરોના દર્દી બચી જાય છે અને જરૂરિયાતવાળા દર્દીઓને ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા પહોંચતી કરવામા આવે છે પરંતુ લાગવગ ધરાવનારા કે વીઆઈપીને આ દવા તુરંત મળી જાય છે તેવી ફરિયાદ કોરોના ગ્રસ્ત દર્દીઓના પરિવારોને કારણે રાજ્યભરમાં ફરી વળી છે.....! હવે ભારત કોરોના નાથવાની દવા શોધવામાં વિશ્વ સ્તરે પહોંચી જશે તે નિશ્ચિત છે.... ત્યારે દેશભરમાં અનલોક-ર જાહેર થયા બાદ જે છૂટછાટ આપી છે તેમાં અનેક મહા બેવકૂફો માસ્ક પહેરવાથી દૂર રહે છે, તો જૂથમાં માસ્ક વગર જ સાથે બેઠા હોય છે કે ફરતા રહે છે... જાણે કે કોરોના ખતમ થઈ ગયો છે પછી ડિસ્ટન્સની વાત જ ક્યા રહી....? કારણ કામના કે નોકરીના કે ધંધાના સ્થળે જતા સમયે ચાર રસ્તાથી લઈને ઠેર ઠેર વાહનોની ભીડ થઈ જતા ફ્રૈજંફ્રહષ્ઠી જળવાતું નથી. જોકે શિક્ષિતો કહે છે કે ભાઈ રાજ્યસભાની ચૂંટણી પરિણામો જાહેર થયેલ ફોટા જોયા છે....? એક પણ ચૂંટાયેલ મહાનુભાવોએ કે આપણા ધારાસભ્યોએ માસ્ક પહેર્યા નથી અને સમુહમાં ઉભા હતા તો પછી ટોળામાં ડિસ્ટન્સ હોય ખરું.....? જો તેમને કોરોનાનો ડર ન હોય તો આપણે શા માટે રાખવો.....?*

*ભારતને ચારેતરફથી ઘેરી લેનાર કોરોના જનક ચીન પણ હવે ચારેય તરફથી ઘેરાઈ ગયું છે. જેમાં ભારતને અમેરિકા, રશિયા, જાપાન સહિતના અનેક દેશોનો સપોર્ટ મળ્યો છે. નેપાળના પીએમ ઓલી નહિ પરંતુ ત્યાંની પ્રજાએ પીએમ ઓલીનો વિરોધ કરી ભારતને આડકતરો સહયોગ આપ્યો છે. તો વડાપ્રધાન મોદીજી લેહ પહોંચી જઈને ચીનના નામનો ઉલ્લેખ સુધ્ધા કર્યા વિના જવાનોના સંબોધનમાં કહ્યું કે હવે વિસ્તાર વાદ નહીં પરંતુ વિકાસની વાતો ચાલે છે. તે રીતે ચીનને આડકતરી ચીમકી આપી પરંતુ સમગ્ર વિશ્વને લેહ પહોંચી જઈને મોદીજીએ અચંબામા મૂકી દીધુ છે.....! જોકે સ્વ.વડાપ્રધાન ઈન્દીરા ગાંધી પણ દેહ જવાનોની મુલાકાતે ગયા હતા પરંતુ મીડિયાને જાણ કરી ન હતી પછી પાકિસ્તાનના બે ઊભા ડાંડીયા કરી નાખ્યાં હતા. પરંતુ ભાજપાના આઈટી સેલ અને ગોદી મીડિયાએ લેહ મુલાકાતને સરપ્રાઈઝ કહીને પ્રચાર પ્રસાર કરવાનો મારો શરૂ કરી દીધો છે...પરંતુ સોશિયલ મીડિયામાં વાત જાણીને આશ્ચર્ય થયું હતું તેના પર પાણી ફરી વળ્યુ....સોશિયલ મીડિયામાં પ્રસારિત ફોટોમાં મોદીને જવાનોની મુલાકાતે હોસ્પિટલમાં હોય તેવું બતાવ્યું પરંતુ મોટામાં મોટી ભૂલ એ કરી છે કે જે હોસ્પિટલ બતાવી છે એક કોન્ફરન્સ હોલ છે જેમાં તાજેતરમાં ધોનીએ જવાનો સાથે ખાધું હતું. હોલમાં સામેની દીવાલ ઉપર સફેદ સ્કીન દેખાય છે, તો પ્રોજેક્ટ લગાવેલો સ્પષ્ટ દેખાય છે. કોઈ પણ જવાન ને પાટાપિંડી કરેલી નથી દેખાતી, બેડ પાસે દવા કે ગ્લુકોઝ બાટલા કે તેનો સ્ટેન્ડ કશું જ દેખાતું નથી, અને બેડ ઉપર ક્રીજ પડે જ તે પણ દેખાતી નથી અરે એતો ઠીક પરંતો એક પણ ડૉક્ટર કે નર્સ પણ દેખાતા નથી તો જાણે બેડ પર બેઠેલા જવાનો યોગ કરતા હોય તેવું જણાઈ આવે છે.....! ત્યારે આને કયા પ્રકારનો ખેલ કે પ્રોપેગન્ડા કહેવો....? તેવું આમ પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.... ત્યારે રાજકીય પંડિતોનું કહેવું છે કે બિહાર વિધાનસભા જીતવા ભાજપા આઈ ટી સેલ કરવા ગયેલા લાપસી પણ થઈ ગઈ થુલી જેવો ઘાટ થી ગયો છે. તો બિહાર,એમપી, દિલ્હી સહિત હિન્દી પટ્ટામાં મોટા પ્રમાણમાં આ ફોટા અને મેટર અનુસંધાને ટીકાઓનો મારો વાઈરલ થવા લાગ્યો છે. અને ફરી એકવાર પ્રજાને ગુમરાહ કરવાનો ખેલ જાહેર થઈ ગયો છે.....! તો મોદીજી પ્રત્યેની લોક લાગણીનો ગ્રાફ પણ નીચે ઉતરી ગયો છે.....! કારણ નોટ બંધીથી લઈને હાલની ચીન સુધીની વિવિધ ઘટનાઓ.....!? તો આમ પ્રજામા એક સૂચન સાથે સવાલ ફરી વળ્યો છે કે ભારતમા કાર્યરત ચાઈના બેંક પર પાબંધી કેમ નથી કરી....? અને કચ્છમાં સ્થપાનાર ચાઈનાની સ્ટીલ ફેક્ટરી માટે પ્રતિબંધ શા માટે નહીં.....?!*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૫/૦૭/૨૦૨૦, રવિવાર
સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૭,
**આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ પૂર્વાષાઢા**

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરુ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૭-૫૦થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૨ સુધી, ૧૪-૩૨ થી શુભ-૧૬-૧૩ સુધી, ૧૯-૩૪ થી શુભ-અમૃત-ચલ-૨૩-૩૨ સુધી

**- શુભ હોરા-**
૭-૧૬થી ૧૦-૩૭ સુધી, ૧૧-૪૪ થી ૧૨-૫૨ સુધી, ૧૫-૦૬થી ૧૮-૨૭ સુધી, ૧૯-૩૪થી ૨૦-૨૭ સુધી

### કોરોના અંગે દુનિયાને સૌપ્રથમ વખત ચીને નહીં, અમે જાણકારી આપીઃ વિશ્વ આરોગ્ય સંસ્થા

# અનેક દેશ કોરોનાના ખોટા આંકડા આપે છે જેનું પરિણામ ખરાબ આવશેઃ WHO



જિનિવા,તા.૪

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોનાથી ગંભીર રીતે પ્રભાવિત હોય તેવા દેશોને જાગવાની વિનંતી કરી છે તથા ઝઘડવાને બદલે વાસ્તવિક સ્થિતિ પર ધ્યાન આપીને મહામારીને કાબુમાં લેવાની સલાહ આપી છે. સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી ડાયરેક્ટર માઈક રેયાને જીનેવા ખાતે પત્રકારોને સંબોધિત કરતી વખતે જણાવ્યું કે, લોકોએ જાગવાની જરૂર છે, આંકડા અને જમીની સ્થિતિ ખોટું નથી બોલી રહ્યા.

રેયાને જણાવ્યું કે, અનેક દેશો આંકડાથી મળતા સંકેતોને નજરઅંદાજ કરી રહ્યા છે. આર્થિક કારણોસર વ્યાપારી ગતિવિધિ શરૂ કરવાની જરૂર પડી શકે છે પરંતુ સમસ્યાને પણ નજરઅંદાજ ન કરી શકાય. આ સમસ્યાનો જાદુઈ રીતે અંત નહીં આવે. વુના ઈમરજન્સી ડાયરેક્ટર માઈક રેયાને જણાવ્યું કે, મહામારીને કાબુમાં લેવા માટે કોઈ પણ સમય મોડો ન હોઈ શકે. સમગ્ર દેશમાં લોકડાઉન લાગુ કરવાને બદલે ઓછું સંક્રમણ ફેલાયેલું હોય તેવા ક્ષેત્રોમાં શરતી ઢીલ આપવી જોઈએ. પરંતુ જે ક્ષેત્રોમાં વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો હોય ત્યાં કઠોર પગલા લેવા સિવાય કોઈ વિકલ્પ નથી.

તેમણે જણાવ્યું કે, જો વિવિધ દેશો લોકડાઉન ખોલી દેશે અને તેમના પાસે વધી રહેલા કેસ સામે ડીલ કરવા કોઈ ક્ષમતા નહીં હોય તો સૌથી ખરાબ સ્થિતિ નિર્માણ પામશે. જો સ્વાસ્થ્ય વ્યવસ્થા દર્દીઓની સારવારમાં અસફળ રહેશે તો વધુ લોકો પોતાનો જીવ ગુમાવશે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી મામલાના ડાયરેક્ટર માઈક રેયાને જણાવ્યું કે કેટલાક દેશોમાં કેસ વધવા પર ફરીથી કડક નિયમો અમલી કરવામાં આવે તે જરૂરી બની શકે છે. સાથે જ તેમણે ટ્રાન્સમિશન ઘટાડવા સિવાય અન્ય રીતે વાયરસને કાબુમાં લેવો શક્ય છે તેવો સવાલ કર્યો હતો અને જો તેમ શક્ય ન હોય તો લોકડાઉન સિવાય કોઈ વિકલ્પ નથી તેમ જણાવ્યું હતું.

કોરોના વાયરસના ચેપના પ્રથમ તબક્કા વિશે ચીન પહેલા વિશ્વ આરોગ્ય સંગઠને જાણકારી આપી હતી. વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી જણાવવામાં આવ્યું કે ચીનના વુહાનમાં ન્યૂમોનિયાના કેસ અંગે ચીને નહીં પરંતુ ચીન સ્થિત વિશ્વ આરોગ્ય સંસ્થા કાર્યાલયે જાણકારી આપી હતી. વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આરોપોને નકારવામાં આવ્યા છે. હકીકતમાં ટ્રમ્પ તરફથી વિશ્વ આરોગ્ય સંસ્થા પર આરોપ લગાવવામાં આવ્યો છે કે ડબલ્યૂએચઓ આ મહામારીને રોકવા માટે જરૂરી જાણકારી આપવામાં નિષ્ફળ રહ્યું હતું. આ ઉપરાંત વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી ચીન પ્રત્યે નરમ વલણ અપનાવવામાં આવ્યું છે.

# ગ્રેડ-પેને લઈ શિક્ષકોએ સરકાર સામે માંડ્યો મોરચો, છેડ્યું #4200 ગુજરાત કેમ્પઈન

અમદાવાદ,તા.૪

ગુજરાત સરકારે ફરી શિક્ષકોનો ગ્રેડ-પે ઘટાડતા એકવાર ફરી આંદોલનના એંધાણ દેખાઈ રહ્યા છે. હાલ શિક્ષકોનો ગ્રેડ-પે ઘટતા ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજયભરના શિક્ષકોએ પોતાના હક માટે સોશિયલ મીડિયામાં #4200ગુજરાત કેમ્પઈન શરૂ કર્યું છે. પ્રાથમિક શિક્ષકોને વર્ષ ૧૯૯૪થી નોકરીમાં નવ વર્ષ બાદ ૪૨૦૦ ગ્રેડ પે મળતો હતો. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૯માં એક પરિપત્ર કર્યો કે હવે વર્ષ ૨૦૧૦ બાદ જે શિક્ષક ભરતી થયા હોય એમને નવ વર્ષ બાદ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૨૮૦૦ ગ્રેડ પે જ મળશે. ગુજરાત સરકારે ગ્રેડ પે ઘટાડતા રાજયભરના ૬૫૦૦૦ શિક્ષકોને અસર થવા જઈ રહી છે.

શિક્ષકોનો ગ્રેડ પે ઘટાડતા ભારે રોષની લાગણી ફાટી નીકળી છે. આ મુદ્દે શિક્ષણ સંઘ પણ વિવિધ રીતે આ પ્રશ્નોનું નિરાકરણ આવે તેના માટે બનતા તમામ પ્રયાસ કરી ચૂક્યું છે. શિક્ષકો પોતાની વ્યથા ઠાલવતા જણાવી રહ્યા છે કે અમને જે પહેલા ૪૨૦૦ ગ્રેડ પે મળતો હતો તેને ઘટાડીને ૨૮૦૦ કેમ કરવામાં આવ્યો? અન્ય કોઈ વિભાગમાં નહીં પરંતુ શિક્ષકોનો પગાર સરકાર કેમ ઘટાડી રહી છે? અમે પગાર વધારો તો નથી માંગતો, પરંતુ વર્ષોથી જે પગાર આપવાનો નિર્ણય થયો છે તેમાં કાપકૂપ કેમ કરવામાં આવી રહ્યો છે. આજથી નવ વર્ષ બાદ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૪૨૦૦ મળતો હતો. જે સરકારે ૨૮૦૦ કરી દીધો છે.

ત્યારે ફરીથી અમને ૪૨૦૦ ગ્રેડ-પે મળી રહે તેના માટે લડત ચલાવી રહ્યા છીએ. આ અંગે કોંગ્રેસના નેતા ડો. મનિષ દોશીના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં સૌથી મોટો ભ્રષ્ટાચારનું એપી સેન્ટર શિક્ષણ વિભાગ છે. પરિપત્રોમાં હાથેકરીને વિસંગતતાઓ ઊભી કરવામાં આવે છે અને જુદા જુદા માધ્યમો થકી શિક્ષકોને એનો ભોગ બનાવવામાં આવે છે. શિક્ષણ વિભાગને પૂછવું છે કે જે શિક્ષકો સમાજનું ઘડતર કરે છે એ શિક્ષકોને જ અન્યાય કેમ થાય છે. આ શિક્ષકોના સન્માન સાથે અન્યાય છે તેમને આર્થિક રીતે પણ નુકસાન છે. જે દેશમાં શિક્ષકોને સન્માન મળે તે દેશનો વિકાસ થાય છે.

# ૩૫ લાખના તોડ કેસમાં મહિલા પીએસઆઈના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

અમદાવાદ,તા.૪

મહિલા ક્રાઈમ બ્રાંચના મહિલા પીએસઆઈએ દુષ્કર્મ કેસના આરોપી પાસેથી ૩૫ લાખ રૂપિયા પડાવ્યા હોવા મામલે કોર્ટે પીએસઆઈના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. પોલીસ તરફથી કોર્ટમાં મહિલાના સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. આ મામલે સરકારી વકીલના જણાવ્યા પ્રમાણે ૩૫ લાખના લાંચ લીધાનો આક્ષેપ થયો છે તેમાંથી ૨૦ લાખનો હિસાબ મળી ગયો છે. મહિલા વતી તેના સગાએ આંગડિયા મારફતે આ રકમ સ્વીકારી હતી. હજુ ૧૫ લાખનો હિસાબ મેળવવાનો બાકી છે. લાંચ માંગવા મામલે મહિલા પીએસઆઈને સાથે રાખીને તપાસ કરવાની હોવાથી સાત દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. જેમાંથી કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. નોંધનીય છે કે અમદાવાદ મહિલા પીએસઆઈ શ્વેતા એસ જાડેજાએ દુષ્કર્મના આરોપી પાસેથી પૈસા પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. પીએસઆઈએ આરોપી પાસેથી ૩૫ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવતા જ આ મામલે ફરિયાદ નોંધાઈ હતી. આરોપી પર બળાત્કાની બે ફરિયાદ નોંધાઈ હતી અને તે માટે આરોપીને પાસા ન કરવા ૩૫ લાખ રૂપિયા માંગ્યા હતા.

આરોપીએ ટુકડે ટુકડે ૩૫ લાખ ચૂકવ્યા હતા. આરોપીએ આંગડિયા અને ચેક મારફતે પૈસા આપતા પુરાવા એકત્રિત કરી આ ફરિયાદ નોંધવામાં આવી છે. સૂત્રોનું માનીએ તો પૈસા આપ્યા બાદ આરોપીએ પીએસઆઈ સામે અરજી કરી હતી અને મોટા માથાઓની ઓળખાણથી પીએસઆઈ સામે ફરિયાદ નોંધાવી છે. આ મામલે તપાસ એસઓજીને સોપાતા એસઓજીએ મહિલા પીએસઆઈ શ્વેતા એસ જાડેજાની અટકાયત કરી હતી. મહિલા પીએસઆઈ ૨૦૧૭ની બેચમાં પીએસઆઈ તરીકે ગુજરાત પોલીસમાં જોડાયા હતા. મહિલા પીએસઆઈ શ્વેતા જાડેજા છેલ્લા ઘણા સમયથી મહિલા ક્રાઈમ બ્રાંચના પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી રહ્યા હતા. આ સમય દરમિયાન જાન્યુઆરીમાં તેઓને એક કેસની તપાસ સોંપવામાં આવી હતી. આ કેસ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનનો વર્ષ ૨૦૧૯નો દુષ્કર્મ કેસ હતો. આ દુષ્કર્મ કેસના આરોપી સામે એક નહીં પણ બે-બે બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની ફરી તપાસ મહિલા પીએસઆઈને સોંપવામાં આવી હતી. બે-બે દુષ્કર્મ કેસની તપાસના આરોપીને મહિલા પીએસઆઈએ પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો અને કાયદાકીય ધાકધમકી આપી તેને પાસામાં ધકેલી દેવાની ચીમકી આપી હતી.

જો પાસા ન કરવા હોય તો ૨૦ લાખની માંગણી કરી. જેમાં ફરિયાદી સહમત થઇ જતા બળાત્કાર કેસના આરોપીએ મહિલા પીએસઆઈના કહેવાથી ૨૦ લાખ રૂપિયા જયુભા નામના શખ્સને જામજોધપુર ખાતે આંગડિયાથી મોકલી આપ્યા હતા. બાદમાં ફરીવાર બળાત્કાર કેસના આરોપીને મહિલા પીએસઆઈ બોલાવીને ધમકી આપી ફરીથી પાસા ન કરવા હોય તો ૧૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. બીજીવાર પણ દુષ્કર્મ કેસના આરોપીએ ચેક અને આંગડિયા મારફતે પૈસા ચૂકવ્યા હતા. આ આખી ઘટના થયા બાદ બળાત્કાર કેસના આરોપીએ મોટા ગજાના અધિકારીને ભલામણ કરીને મહિલા પીએસઆઈ શ્વેતા જાડેજા સામે ક્રાઈમ બ્રાંચમાં પ્રાથમિક અરજી કરી હતી. જે આધારે ક્રાઈમ બ્રાંચે ગુરુવારે ફરિયાદ નોંધી તપાસ અમદાવાદ એસઓજીને સોંપવામાં આવી હતી.

# અમદાવાદમાં ૫ મહિનામાં ૨૭ હજાર કરતા વધારે લોકોને કરડ્યા કૂતરા



અમદાવાદ,તા.૪

રાજયમાં કોરોનાના વાયરસનું સંક્રમણ વધી રહ્યુ છે. સૌથી વધારે કેસ અમદાવાદ શહેરમાં નોંધાયા છે. અમદાવાદમાં કોરોનાના કેસની સાથે-સાથે રસ્તા પર રખડતા કૂતરાનો આતંક પણ વધી રહ્યો છે. અમદાવાદમાં છેલ્લા પાંચ મહિનામાં ૨૭ હજાર કરતા વધારે લોકોને કૂતરા કરડ્યા છે. મહત્ત્વની વાત છે કે, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી કૂતરાના આંતકને દૂર કરવા માટે ખૂબ મોટા ખર્ચ કરવામાં આવે છે પરંતુ પાંચ મહિનામાં જ ૨૭ હજાર કરતા વધારે લોકોને કૂતરા કરડતા મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલ ઉઠી રહ્યા છે. રિપોર્ટ અનુસાર અમદાવાદમાં મહાનગરપાલિકામાં જાન્યુઆરીથી મેં મહિલા સુધીમાં ૨૭,૬૨૦ લોકોને કૂતરા કારડ્યા છે.

જેમાં જાન્યુઆરી મહિનામાં ૭,૫૧૫ લોકોને, ફેબ્રુઆરી મહિનામાં ૭,૩૬૮ લોકોને, માર્ચ મહિનામાં ૬,૦૩૧ લોકોને, એપ્રિલ મહિનામાં ૩,૭૮૯ લોકોને અને મેં મહિનામાં ૨,૯૧૭ લોકોને કૂતરા કરડ્યા હોવાનું સામે આવ્યું છે. મહત્ત્વની વાત છે કે, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કૂતરાઓના ખસીકરણની પાછળ વાર્ષિક ૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. છતાં પણ અમદાવાદમાંથી કૂતરાઓનો ત્રાસ દૂર થતો નથી. એક અંદાજ અનુસાર અમદાવાદ શહેરમાં ૬૫ લાખ લોકોની વસ્તી છે અને તેની સાથે અંદાજીત ૩ લાખ જેટલા કૂતરા છે. અમદાવાદમાં કૂતરાનો ત્રાસ વધતા લોકો દ્વારા અમદાવાદ મહાનગરપાલિકા આ બાબતે કોઈ અસરકારક કામગીરી કરે તેવી માંગ કરવામાં આવી છે. અમદાવાદમાં કૂતરા કરડવાના કેસમાં વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૯માં કૂતરા કરડવાના કેસની વાત કરવામાં આવે તો જાન્યુઆરી મહિનામાં ૬,૫૨૪ લોકોને, ફેબ્રુઆરી મહિનામાં ૫,૮૧૭ લોકોને, માર્ચ મહિનામાં ૫,૮૯૪ લોકોને, એપ્રિલ મહિનામાં ૬,૦૯૯ લોકોને, મે મહિનામાં ૬,૧૨૩ લોકોને, જૂન મહિનામાં ૪,૯૨૫ લોકોને, જુલાઈ મહિનામાં ૫,૨૮૬ લોકોને, ઓગસ્ટ મહિનામાં ૪,૩૫૫ લોકોને,

સપ્ટેમ્બર મહિનામાં ૪,૭૫૮ લોકોને, ઓક્ટોબર મહિનામાં ૫,૧૮૦ લોકોને, નવેમ્બર મહિનામાં ૮,૦૭૮ લોકોને અને ડિસેમ્બર મહિનામાં ૬,૧૭૧ લોકોને કૂતરા કરડ્યા હતા. મહત્ત્વની વાત છે કે, અમદાવાદમાં દર મહિને કૂતરાના ખસીકરણની કામગીરીમાં માટે ૩૦ લાખનો ખર્ચ કરવામાં છે. ત્યારે કૂતરા કરડવાના કેસના આંકડા પરથી જ સવાલ ઉઠી રહ્યા છે કે, કેવી કામગીરી અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કૂતરાના ત્રાસને દૂર કરવા માટ કરવામાં આવે છે.

### સુરતમાં કોરોના બેકાબુ, સરકાર એકશનમાં, બેઠકોનો ધમધમાટ યથાવત્

# સુરતમાં ૧૦૦ કરોડના ખર્ચે ઊભી કરાશે બે કોવીડ હૉસ્પિટલઃ રૂપાણી



સુરત,તા.૪

રોજેરોજ નોંધાતા કોરોનાના નવા કેસોમાં અમદાવાદની લગોલગ પહોંચી ગયેલા સુરતમાં સ્થિતિ કાબૂમાં લેવા સરકાર દોડતી થઈ ગઈ છે. સીએમ રુપાણી, ડે. સીએમ નીતિન પટેલ પણ આજે સુરતની મુલાકાતે પહોંચ્યા હતા. આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિ તો કેટલાક દિવસોથી સુરતમાં જ રોકાયેલા છે, અને કોરોના નિયંત્રણની કામગીરી પર સીધી નજર રાખી રહ્યા છે. છેલ્લા લગભગ પાંચેક દિવસથી સુરતમાં રોજના ૨૦૦થી વધારે નવા કેસ નોંધાઈ રહ્યા છે. સુરતમાં કોરોના વાયરસના કેસ છેલ્લા ૧૫ દિવસથી વધારે આવી રહ્યા છે. ગકઈકાલે રેકોર્ડબ્રેક ૨૪૮ કેસ પોઝિટિવ આવ્યા. શહેર ઉપરાંત જિલ્લામાં કોરોના બેકાબૂ બન્યો છે. હીરા માર્કેટ અને હીરાના કારખાનાઓમાં કોરોના વકરતા તેને બંધ કરવાની નોબત આવી. ગાંધીનગરથી કોરોના મેનેજમેન્ટમાં ગોથું ખવાઈ ગયું હોય તેવું જણાતા પહેલાં જયંતિ રવિ દોડ્યા પરંતુ મામલો હાથ બહાર નીકળતો જણાતા રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ કમાન સંભાળી.

સુરતને કોરોનાથી બચાવા માટે રૂપાણી આજે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને અધિકારીઓનો રસાલો લઈ સુરત પહોંચી ગયા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું સરકારે સુરતની સંપૂર્ણ ચિંતા અમે એક એક મિનિટ કરી રહ્યા છે. સુરતમાં કોરોનાને કેમ નિયંત્રીત કરવો તેના માટે સરકાર પુરા પ્રયત્નો કરી રહી છે. અમે અધિકારીઓ, ધારાસભ્યો, સાંસદો અને સરકારી અને ખાનગી તબીબો સાથે મીટિંગ કરી છે. આ મીટિંગ બાદ અમે મીડિયા સામે આવ્યા છીએ. સરકાર છેલ્લા એક અઠવાડિયાથી વીડિયો કૉન્ફરન્સથી મીટિંગ કરતા આવ્યા છે. આજે અનેક નિર્ણયો કરવામાં આવ્યા છે. સુરતની કિડની હૉસ્પિટલ અને સ્ટેમસીલ હૉસ્પિટલને ઝડપથી ૧૦૦ કરોડના ખર્ચે કોવિડ હૉસ્પિટલ બને. જો ભવિષ્યમાં કેસ વધે તો આપણી પાસે તૈયારી હોય તેવી વ્યવસ્થા કરાશે. સરકાર કોરોનાને આડો હાથ આપી રોકી શકે નહીં.

CM રૂપાણીએ સુરતમાં ઉદ્યોગો મામલે જણાવ્યું હતુ કે, ડાયમંડ અને ટેક્સટાઈલ ઉધોગોમાં કર્ચમારીઓમા સંક્રમણનો વધારો થયો છે જેને કારણે હીરા કારખાના અને ફેક્ટ્રીઓ બંધ કરાશે. નિયમો ઉલ્લંઘન સામે કાયદેસરના પગલા લેવાશે. પરંતુ સરકાર હૉસ્પિટલ અને બેડની વ્યવસ્થા કરવામાં આવશે. સીએમ રૂપાણીએ જણાવ્યું કે સુરતમા હીરા ઉદ્યોગ અને ટેક્સટાઈલમાં કેસ વધી રહ્યા છે. અમારા કિશોરભાઈ અને સી.આર. પાટીલ આજે તમામ આગેવાનો સાથે મીટિંગ કરશે. જ્યાં હીરા અને ટેકસટાઈમાં સંક્રમણ વધ્યુ છે. એનાથી સંક્રમણ ન વધે તે અંગે શું કરવું તે સાથે બેસી નક્કી કરાશે. સંક્રમણ વધતું હશે તો આપણે એને કાબૂમાં કરવું જ પડશે જે નિયમ તોડશે તે બજાર કે કારખાનાને ગમે ત્યારે બંધ કરાવી દેવાશે. લૉકડાઉન હવે ક્યારેય લાગુ નહીં થાય રૂપાણીસીએમ રૂપાણીએ જણાવ્યું કે હવે સંપૂર્ણ લૉકડાઉન ક્યારેય લાગુ નહીં થાય જયાં કેસ વધશે ત્યાં માઈક્રો કન્ટનમેન્ટ કરી અને બંધ કરવામાં આવશે. સુરતીઓ ૧૦૪ પર ફોન કરી અને કોરોના માટે મદદ મેળવી શકશે.

ઈન્ડિગોએ ૩૦ જુલાઈ સુધી વાયા સુરતથી બેંગલુરુ, ચેન્નૈ, દિલ્હી અને ગોવાની ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. હવે માત્ર ઈન્ડિગોની સુરત-દિલ્હી ફ્લાઈટ જ ચાલુ છે. સ્પાઈસજેટે પણ સુરતથી આવતી-જતી તમામ ફ્લાઈટ્સ આગામી જાહેરાત સુધી બંધ કરી દીધી છે.

# ગુરુ પુનમ પહેલા ગુરુની સમજણ
## વિક્રમ જોશી

ગુરુ શું છે
૧) ગુરુ એ દરેક સવાલનો જવાબ છે
૨) ગુરુ એ દરેક મુશ્કેલીની યુક્તિ છે
૩) ગુરુ એ જ્ઞાનનો ભંડાર છે
૪) ગુરુ માર્ગદર્શક છે
૫) ગુરુ એ અનુભૂતિ છે
૬) ગુરુ એ પ્રેમ છે
૭) ગુરુ જ્ઞાનની વાણી છે
૮) ગુરુ એ આપણા જીવનનો ચમત્કાર છે
૯) ગુરુ એક મિત્ર છે
૧૦) ગુરુ ભગવાન સ્વરૂપ છે
૧૧) ગુરુ એ આધ્યાત્મિકતાની વ્યાખ્યા છે

ધન્ય છે તે લોકો જે ગુરુ સા● સંપર્કમાં છે.અને તેમની સાનિધ્યમાં જીવનનું ●ેડું જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી.

ગુરુ શબ્દ અને ગુરુનું જીવન સમુદ્રની ઉંડાઈ જેટલુ છે જેનું વર્ણન કરી શકાતું ન●ી.

આખી ધરતીને કાગળ કરૂ
બધી વનરાઈ ની લેખની
સાત સુમંદર ની શાહી કરૂ
ગુરુ તણા ગુણા ન લખી શકાય.
ગુરુ નું મહત્વ
કર્તા કરે ન કર શકે, ગુરુ કરે સબ હોય
સાત દ્વપિ નૌ ખંડ મે ગુરુ સે બડા ન કોઈ.
ગુરુનો હા● પકડવા ને બદલે તમારો હા● ગુરુને પકડાવો
કારણ કે આપણે આકસ્મિક રીતે ગુરુનો હા● છોડી શકીએ છીએ, પરંતુ ........
ગુરુ જેનો હા● પકડે તે કદી છોડતા ન●ી
ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વરા.
ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવૈ નમઃ
ગુરુ વિના જ્ઞાન અધૂરું છે, ગુરુ આપણને સાચો રસ્તો બતાવે છે.
તે●ી આપણે ગુરુની દરેક આજ્ઞા નું પાલન કરવું જોઈએ.
ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણએ પણ ગુરુ પાસે શિક્ષણ મેળવવું હતું.
આપણા ગ્રં●ોમાં ગુરુભક્તિના ઘણા ઉદાહરણો છે.
ગુરુ જ માર્ગદર્શક છે.
આત્મા માટે તમારે જાતે પ્રયત્ન કરવો પડશે.
ગુરુએ રસ્તો બતાવ્યો છે,
તમારે ચાલવું પડશે.
ગુરુએ ઉપદેશ આપ્યો છે,
અનુસરવું તમારે પડશે.
મુક્તિ ગુરુની વાહ વાહ દ્વારા પ્રાપ્ત ●તી ન●ી.
ગુરુ વચન પ્રમાણે ચાલવા●ી મોક્ષ મળે છે
ગુરુદ્વાર પર જયારે જવું હોયતો હૃદય શુદ્ધ કરી ને જવુ....
જયારે ગુરુની વાત સાંભળવી, તમારા કાન ખુલ્લા રાખોપ
જયારે ગુરુમાં વિશ્વાસ કરવો, હોય તો તમારી આંખો બંધ રાખો
જયારે ગુરુને અર્પણ ●વુ હોય તો તમારું હૃદય ખુલ્લુ રાખો
જયારે ગુરુનો સત્સંગ સાંભળવો હોય તો મોં બંધ રાખો ...
ગુરુની સેવા ક્યારે કરવી હોય તો ઘડિયાળ બંધ રાખો.....
જયારે ગુરુ પાસે વિનંતી કરવી હોયતો દિલ ખોલી દેવુ...
!!!
આ ગુરુનો દ્વાર છે
તે અહીં મનમાની ન●ી ●તી,
એ પણ વાત પાક્કી છે
અંહિ કોઈ પરેશાની ન●ી હોતી

# દૂર રહી કાઢ્યા ૧૦૦ દિવસો !

**નલેશ ધોળકિયાની સમજ મુજબ કોરોનોકાળ દહેશતમાં આપણે સૌએ ખુદનો આત્મવિશ્વાસ તથા અન્યો પ્રતિ ભરોસો ગુમાવી શંકાના વર્તુળને વિકસાવ્યું છે - કદાચ, ક-મને !**

**તમે કેમ છો ? હું મજામાં છું. સૌને જીવન નિર્વાહમાં ઘણી તકલીફ છે.**

**દરવાજાની ઘંટડી રીસાણી છે, કોઈ એને અડતું નથી, રણકાવતું નથી માટે અસ્પૃશ્યતાની લાગણી અનુભવે છે. Door Bell ને સારું લગાડવા હું જ બહાર જઈ એને રણકાવી આવું છું જેથી એને ને મને બંન્નેને સારું લાગે. તમારી ર્ડુમિક્ક્ષ્ક્ષ કેમ છે ?**

**રસોડું જરા અકળાયું લાગે છે, સવાર-સાંજ ચૂલો સળગે છે એટલે ગરમ થઈ ગયું છે. સારું લગાડવા અમે ક્યારેક દહીં-ભાત ખાઈ લઈએ છીએ, એને ને મને, બન્નેને શાંતિ લાગે છે. તમારું રસોઈઘર કેમ છે ?**

**ઝાડુ તો રોજ વળાય છે પણ ખૂણે રહી ગયેલો કચરો અકળાય છે જેને તરછોડ્યાની લાગણી અનુભવાય છે. તમારે ત્યાં તો એવું નથી ને ?**

**કોયલ-કાગડા-કબૂતર-કાબર થોડા જાડા થયેલા કારણ કે બધા મારા ઘરે ચણમાં "ગાંઠિયા" ખાઈખાઈને કંટાળ્યા છે. હવે દેખાતા નથી, ર્ડ્રીહક્ષ કરતા હશે. તમારે ત્યાં દેખાય છે ?**

**કબાટમાં કપડા ય ગુસ્સે ભરાયા છે. –કેટલા શોખથી વસાવ્યા, હવે સામું જોતા ય નથી !– એવા મે'ણા મારે છે. "બહાર નહી કાઢો તો અંદર જ સડી જઈશું" એવી ધમકી આપે છે**

**તમારા કપડા તો બરાબર છે ને ?**

**લાગણીના ઝુરાપામાં બાવરા બની રસ્તા પર લોકો દેખાય છે - બુકાની બાંધેલા બહારવટિયા જેવા, એકમેકને મળતા પણ ગભરાય છે ! અમે ઘરે છીએ, તમે બહાર નીકળવા ચહેરા પર મહોરા લગાવ્યા છે ?**




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

ગદ્ય વિભાગ
૧)શીર્ષક-નવરો....શ્રદ્ધા ભટ્ટ
૨)શ્રશીર્ષક -શાંતિનો ચોતરોપ્રીતિ શાહ"(અમીપ્રીત)
(૩)શીર્ષક -વ્હાલું સગપણ નેહા બગ●રીયા
૪)શીર્ષક -ઓટલાનો આવકાર
તેજલ વઘાસીયા
(૫)શીર્ષક -નિરાંતની પળે જયકાન્ત ઘેલાણી "પ્યારે

પદ્ય વિભાગ
૧શ્રશીર્ષક -નિરાંતની પળોમા વૈશાલી મહેતા
૨)શ્રશીર્ષક - નિરાંતની પળે ળૃપલ શાહ
૩)શીર્ષક - નિરાંતની પળે મેહુલ ત્રિવેદી
૪શ્રશીર્ષક -નિરાંતની પળે પ્રકૃતિ શાહ
શીર્ષક - નિરાંતની પળેકૌમુદી સોની

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ ગ્રુપ સંચાલક શ્રી : જીજ્ઞા કપુરીયા, નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી,કિશોર ઠક્કર સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી સહ સંચાલક શ્રીઃ પ્રણવ ઝાંખર,મનીષ વોરા . ગ્રાફિક્સ, ડીઝાઇન : પ્રણવ ઝાંખર

---

NG/55...વિભાગ. ગદ્ય......શીર્ષક . નવરો.

પતુડો એ પતૂડો જ રહેત...કદાચ મુંબઈ કમાવા ન જાત.

પંદર વર્ષની ઉંમરે જ ઇ ને ઇ ખોબા જેવડું ગામ છોડ્યું,કમાવા માટે. દોરીલોટી લઈ નીકળેલ ઇ પતું આજે ચાલીશ વર્ષ પછી શેઠ શ્રી પીતાંબર દાસ બની ચૂક્યા છે અને અઢળક મિલકતના માલિક.મુંબઈ પર શહેરમાં દુર્લભ ગણાય એવી બધી જણસ તેના ખજાનાની શોભા વધારી રહી છે, શેઠ બધું જ કમાય ચૂક્યા બસ, એક ચીજ ન્હોતી...અને તે એટલે નવરાશ. સમય સા● બા● ભીડી રહેલ શેઠ ક્યારેય પાછા ન વળત,જો હૃદયરોગનો ભોગ ન બન્યા હોત.કુદરતની ઈશારો સમજી ચૂકેલા શેઠ આજે ચાલી નીકળ્યા હતા..બધું જ છોડીને, માલમિલકત, બાળબચ્ચાં, અરે શેઠાણી ને માટે પણ સા● આવવા મનાઈ ફરમાવી દીધી.

ગામે પણ શેઠ પીતાંબર કાકાને વધાવી લીધા. હવે એ પતુડા નો પુનર્જન્મ હ્યો હતો. રોજ ગામના ગોંદરે પોતાના ગોઠિયા જોડે ઠાઠ●ી બેસે અને જાણે વૈકુંઠ ધામ એનું જ હોય એવો આનંદ માણે. મોંની ગરવાઈ જોવા જેવી હો..

એક દી ' ગામના જ એક જુવાનિયા એ આશ્ચર્ય●ી પૂછ્યું, " કાકા, આ સંધુય છોડ્યા પછી તમારી પાસે રયું શું?"

કાકા જિંદગીભર ના આત્મસંતોષ સા● બોલ્યા ," બેટા, આજ હું ગામના ગોંદરે નવરો બેઠો છું....જાણે માં ના ખોળામાં બેઠો છું.."

શ્રદ્ધા ભટ્ટ..વાપી

---

NG : 59 વિભાગઃ ગદ્ય ..વિષય : 'નિરાંતની પળે'

" નિરાંતની પળો માણો'

જેમ 'બા'- 'માં ' શબ્દોમા લાગણી અને વિશ્ર્વાસ નો ભાવ-અ● છૂપાયેલછે તેમજ નિરાંતની પળોમાં,આનંદ-રાહત અને છૂટકારાનો ત્રિવીધ અ● છુપાયેલો છે.

માનવજીવનમાં નિરાંતની પળો
અવાર નવાર, સમયે સમયે,દરેક ને મળતીજ હોય છે, જેમકે, વિદ્યા●ી માટે પરીક્ષા પછીનો સમય,નોકરીયાતો માટે રીટાયરમેન્ટ,વ્યાપારીઓ માટે પૂત્ર
કુશળતા●ી વ્યાપાર સંભાળી લ્યે ત્યારનો સમય, અને પુત્રીના પિતા માટે સુપુત્રી શ્ર્વસુરઘરે આનંદદાયક જીવન માણતી હોય તે સમય અને ખેડૂતો માટે ખેતરમાં પાકેલુ અનાજ સમયસર ઘરે આવી જાય તે સમય તો વળી
પારિવારિક સંપત્તિ નો આનંદદાયક ઉકેલ જાૃર નિરાંતની પળ જ ગણી શકાય.
આ પળો માનવજીવનની સર્વોત્તમ નિરાંતની પળો છે.
હાં, ડોક્ટર માટે કઠીન ગંભીર ?પરેશન પછીનો સમય પણ નિરાંતની પળ જ ગણાય.
તેમજ ગામના ચોરે કે ગલીના નાકે
વડિલો કે ચુવાનો- બાળકો જે આનંદ માણેછે તે પણ 'નિરાંતની પળો.'
નિરાંતની પળ એટલે, ગમતા કે અણગમતા કામમાં●ી નિવૃત્તિ જે આનંદદાયક રીતે માણવી .
જયકાન્ત એસ ઘેલાણી.. 'પ્યારે '..બોરીવલી વેસ્ટ

---

*NG/ 0064*
વિભાગ : ગદ્ય (નિરાંતની પળે)
શીર્ષક : વ્હાલું સગપણ

ગુલાલ મઢેલા ગાલે શરમ, અવઢવ અને ખુશીનું સંયોજન વૈભવીના રૃપને વધું શોભાયમાન બનાવતું હતું. સપ્તપદીનાં વચનો પછી વિનય સા● સંસારમાં પગલાં પાડતી વૈભવી દરેક પગલે નવું શમણું ગૂં●તી જતી હતી.

ગામના ચોરે દરેકના મુખે વૈભવીનો વૈભવી ઠાઠ ચર્ચાનો વિષય બની ગયો.
"રૃપે તો ઉજળી છે પણ ઘર સાચવશે ખરી !!"
ત્યાં બીજીએ ઉમેર્યું...
"આવી છોડીયું શણગારમાં જ રાચતી રે."
"જો... જો... અમ●ીમા હવે રેઢાં રખડશે..."

હજું તો વૈભવી ગામમાં આવી એ જ દિવસે આવી અનેક વાતો ચર્ચાવા લાગી. લોકવાયકા મુજબ વિનયને પણ ●ોડું તો મનમાં હતું જ કે સાચવી શકશે બધું?

સવારે વહેલાં વૈભવીને બાજુમાં ન જોઈ તો આશ્ચર્ય ●યું.
"વૈભવી... વૈભવી.... "

બહારનું દ્રશ્ય જોઈ વિનય ભાવવિભોર ●ઈ ગયો. લકવો મારી ગયેલી માના ચહેરા પર વહુની પ્રેમાળ સેવા●ી આજ જે નિંરાતનો ભાવ હતો એની સુગંધ ગામના ચોરે પ્રસરી અને લગભગ બધાંના મોં સિવાઇ ગયાં.

નેહા બગ●રીયા...જુનાગઢ

---

NG:58 વિભાગ.. ગદ્ય.. શીર્ષક : શાંતિનો ચોતરો

"આખો દિવસ ભાગ-દોડ, ઓફીસ●ી ઘર ને ઘર●ી ઓફીસ.. સાલું, આ તે કંઈ જિંદગી છે." સારાંશ ઘરમાં પગ મૂકતાં જ બબડ્યો.

"કેમ બેટા, શું ●યું ? બહુ ચિંતામાં દેખાય છે ?" ગામડે●ી આવેલાં તેનાં કાકાએ સારાંશને પૂછ્યું.

"હા કાકા, જુઓ ને, હવે રીટાયર્ડ હ્વ વાની ઉંમર ●ઈ તોય હજી કામનો ભાર ઓછો ●વાને બદલે વધ્યાં જ કરે છે."

"બેટા, એમાં તો આપણું ગામડું સારું. કામનો કોઈ બોજ નહિ. રિટાયર્ડ એટલે શું એય અમને તો ખબર ના પડે. ગામડામાં તો અમે મરીએ ત્યાં સુધી કામ કરીએ. ખેતી કરનાર ખેડૂત શરીર ચાલે ત્યાં સુધી કામ કરે. એક વાણીયો દીકરાનાં દીકરા સા● દુકાન પર બેસે. બસ, ભાર વગર ગામડાનાં લોકોનું જીવન ચાલ્યાં જ કરે."

"એ તો તમે ચોખ્ખી હવા ને ચોખ્ખાં ઘી-દૂધ ખાવને એટલે.."

"એકલું એ જ નહિ..અમે બધાં રોજ સાંજ ઢળતાં ને જમ્યાં પછી રાત પડતાં ચોતરા પર જઈને બેસીએ. એકબીજા સા● સુખ-દુઃખની વાતો કરીને મનનો ભાર હળવો કરીએ. એટલે જ અમે એ ચોતરાને શાંતિનો ચોતરો કહીએ છીએ."

"શરીરને પૌષ્ટિક ખાવા-પીવાની જાૃર પડેને તેમ, મનને પણ શાંતિની જરુર હોય બેટા.."

"હા, કાકા પપ્પાએ મને કેટલું કહ્યું હતું. પણ, હું જ શહેરનાં મોહમાં આંધળો ●ઈ ગયો અને એની ચમકદમકમાં અંજાઈ ગયો."

"બેટા, એટલું યાદ રાખજે, માણસ શહેરમાં રહેતો હોય કે ગામડામાં નિરાંતની પળોને અચૂક માણવી જ જોઈએ."

પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

---

*NG : 0017 વિભાગ :: ફોટો વિભાગ લેખ
શિર્ષક :: ઓટલાનો આવકારો

ગામડા ગામમાં પાદરે મોટો વડલો હોય. વડલાની ફરતે ઈંટ સિમેન્ટનો બનાવેલો પાકો ઓટલો હોય. ગામના વયોવૃદ્ધ દાદાઓ બધા ઓટલે ભેગા મળીને બેઠા હોય. કોઈ વાણ, દોરી, સુતરાઉ પાટી આમાનું કામ લઈને આવે, તો કોઈ એ કામમાં મદદ કરાવે, તો વળી કોઈ ટોળે વળી અલક મલકની વાતો કરતા હોય. કોઈ પતા રમે, તો કોઈ પોતાના પૌત્ર કે પૌત્રીને લઈને આવ્યા હોય એની સા● રમતા હોય. કોઈ તો વડલાના ●ડને અઢેલીને પોતાની પાઘડીનું ઓશીકું બનાવીને એય ને તારે કુદરતની હવાની મોજ માણતા હોય એમ ગાઢ નિંદ્રામાં સરી પડ્યા હોય.

આ વડલાના ઓટલાની તો વાત જ નિરાળી, વડલાના છાંયડામાં ઓટલે બેસીને માણસો આનંદ લુટે, ઓટલાની બાજુમાં ગામના પશુઓ બપોરના સમયે આરામ કરે, અને વડલાની ઘટાઓમાં નાના નાના પક્ષીઓ માળા બાંધીને રહે. બાળકો વડલાની વડવાઈઓના હીંચકા બાંધી મજાના હીંચકા ખાય. આ બધા જાણે એકમેક વગરના અધૂરા હોય એવું ભાસે.

પક્ષીઓની કિલકારીઓ, બાળકોની ચીચીયારી, વૃદ્ધ દાદાઓના હાકલા-પડકારા, પશુઓના અવાજો, કુતરા-મીંદડાના ઝગડાઓ, રસ્તે આવતા જતા વટેમાર્ગુઓનો જાણે ઉતારો, ઓટલાના એક ખુણા પર પાણી ભરેલ મોટી બે માણ (પીવાનું પાણી ભરવા માટે નળ વાળા માટીના મોટા વાસણ) આ બધાંને જાણે આ ઓટલા સા● ફાવી ગયું છે, એવું લાગે કે જાણે એક આત્મીયતા બંધાઈ ગઈ છે બધાને એકબીજા સા●.

ઓટલાનો આવકારો
કેટલો મીઠો લાગે છે સહુને. આ ઓટલો એટલે ગામનું એક ઘરેણું કે જેનું મુલ્ય કોઈ કિંમતમાં આંકી ના શકાય. ઓટલા પર રોજ મળતા વ્યક્તિઓમાં●ી એકાદ વ્યક્તિ ઓછી ●ાય તો પણ ઓટલો જાણે સુમસામ ●ઈ જાય. એવું લાગે કે, કોઈ ઓટલાનું એક અંગ છીનવી ગયું.

આ ઓટલાનો આવકારો સૌને પ્રેમની અનુભૂતિ કરાવે છે. આવો પ્રેમ ન●ી ક્યાંય મળતો કે નહીં મળે એની તો ખાત્રી આપી જ શકાય છે.
તેજલ વઘાસીયા ઉમરાળી, (જૂનાગઢ)

## મેઘરજ :ઈપલોડા દૂધ મંડળીમાં ગેરવહીવટ ચાલતો હોવાની
# રજિસ્ટ્રાર કચેરીમાં રજુઆત કરનાર શખ્શ પર સેક્રેટરી અને તેના પરિવારે હુમલો કર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં આવેલી દૂધ ઉત્પાદક મંડળી અને સહકારી મંડળીઓમાં સમયાંતરે લાખ્ખો,કરોડો રૂપિયાની ઉચાપત સત્તાધીશો અને કર્મચારીઓ કરતાં હોવાની ઘટનાઓ નોંધાતી રહે છે જીલ્લા રજીસ્ટ્રાર કચેરીની ધુતરાષ્ટ નીતિના પગલે ભ્રષ્ટાચારીઓને ખુલ્લોદોર મળતો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે મેઘરજ તાલુકાના ઈપલોડા ગામે દૂધ ઉત્પાદક મંડળીમાં વર્ષ-૨૦૧૮ થી ગેરવહીવટ ચાલતો હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે દૂધમંડળીમાં ચાલતા ગેરવહીવટ અંગે થોડા મહિના અગાઉ જીલ્લા રજીસ્ટ્રારમાં રજુઆત કરનાર શખ્સ પર ડેરીના સેક્રટરી અને તેના પરિવારે હિચકારો હુમલો કરતાં અને તેના બચાવવા જતા અન્ય શખ્શને પણ માર મારતાં ભારે ચકચાર મચી હતી જીવલેણ હુમલાના પગલે ઈજાગ્રસ્ત બંને લોકોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા હુમલાની ઘટનાના પગલે મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી સ્થિતિ થાળે પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ઈપલોડા ગામના મનહરભાઈ પરમાભાઈ પટેલ ગામમાં આવેલ દૂધ ઉત્પાદક મંડળીમાં કામકાજ અર્થે ગયા હતા ત્યારે દૂધ મંડળીમાં ગ્રાહકો પાસેથી પગાર બિલમાં અને નફા વહેંચણીના બાંહેધરી પત્રકમાં સહી લેવાની કામગીરી ચાલી રહી હતી જે અંગે સેક્રેટરી આકાશ કાંતિભાઈ પટેલને ફક્ત પગાર બિલમાં સહી લેવાનું કહી દૂધ મંડળીની બહાર બેઠા હતા ત્યારે અગાઉ પણ દૂધમંડળીમાં ગેરવહીવટ ચાલતો હોવા અંગે જીલ્લા રજિસ્ટ્રારમાં રજુઆત કરેલ હોવાથી તેની અદાવત રાખી મનહરભાઈ પટેલ પર સેક્રેટરી આકાશ કાંતિભાઈ પટેલ અને તેના પરિવારજનોએ હિચકારો હુમલો કરી ગડદા પાટુનો મારમારતાં નજીકમાં રહેલા મુકેશભાઈ શકરાભાઈ વાળંદ બચાવવા જતા તેમને પણ માર મારવામાં આવતાં બંનેના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા લોકો દોડી આવી બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા સેક્રેટરી અને તેના પરિવારજનોએ મનહરભાઈ પટેલને જાનથી મારી નાખવાની ધમકી આપતાં સમગ્ર ઘટના અંગે પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલો થાળે પાડ્યો હતો સેક્રેટરી અને તેના પરિવારજનોની દાદાગીરી સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો

મેઘરજ પોલીસે મનહરભાઈ પરમાભાઈ પટેલની ફરિયાદના આધારે ૧)કાંતિભાઈ રણછોડભાઈ પટેલ ,૨)આકાશ કાંતિભાઈ પટેલ ,૩)જીગ્નેશ મગનભાઈ પટેલ, ૪)દિપીકાબેન કાંતિભાઈ પટેલ ,૫)જ્યોતિકાબેન કાંતિભાઈ પટેલ વિરુદ્ધ ઈપીકો કલમ-૧૪૩,૩૨૩,૫૦૪,૫૦૬ (૨) મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા

# ખાનગી બસો રાત્રે દોડાવવાની સરકારે આપી મંજુરી

અમદાવાદ,તા.૪

કોન્ટ્રાક્ટ કેરેજની બસને રાતના નવ વાગ્યાથી સવારના પાંચ વાગ્યા સુધી ચાલવવાની સરકારે છૂટ આપવામાં આવી હોવાનું વાહનવ્યવહાર કમિશનરની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. ગુજરાતમાં પ્રવર્તતી કોવિડ વાઈરસના ચેપની સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. કોન્ટ્રાક્ટ કેરેજમાં કંપનીના કર્મચારીઓને લઈ જતી, શાળાના વિદ્યાર્થીઓને લઈ જતી બસનો સમાવેશ થાય છે. પરંતુ તેમને પેસેન્જર જ ન મળતા હોવાથી આ છૂટ તેમને માટે લાભદાયી બની શકે તેમ નથી. કોરોનાના ફફડાટને કારણે કોઈ જ પ્રવાસ કરવા આગળ આવતું નથી. શહેરી વિસ્તારમાંથી આ બસ દોડે તો ૫૦ ટકા પેસેન્જરની ક્ષમતા સાથે બસ દોડાવવાની રહે છે. તેમાં વળી ડિઝલના ભાવ વધી રહ્યા હોવાથી બસ દોડાવવી મોંઘી પડી રહી છે.ત્રીજું, લૉકડાઉન પૂરૂં થયા બાદ અનલૉક-૧માં ડ્રાઈવરો ભાગી ગયા હોવાથી પણ કોન્ટ્રાક્ટ કેરેજની બસના માલિકોની હાલત ખરાબ થઈ છે. તેથી સરકારની આ જાહેરાતનો ખાસ કોઈ લાભ લઈ શકે તેમ નથી. સામાન્ય રીતે આયોજિત ટ્રીપોનું સંચાલન સવારના ૭.૦૦ થી શરૂ કરી રાત્રિના ૨૦.૦૦ (રાત્રે ૮.૦૦ વાગ્યા) સુધી પૂર્ણ થાય તે રીતે કરવાનું રહેશે.

# અશાંતધારો એ ધારો છે કે ધંધો.




સરકાર દ્વારા પણ ૫૯ જેટલી ચાઈનીઝ એપ્લિકેશન પર પ્રતિબંધ મુકાયો. પણ ભારત અને ચીન વચ્ચેની તણાવ ભરી પરિસ્થિતિ વચ્ચે અમદાવાદમાં ચીની કંપનીનું કામ બિન્દાસ ચાલી રહ્યું છે. અમદાવાદ સ્માર્ટ સિટીના ડ્રિમ પ્રોજેક્ટ મેટ્રો રેલ પ્રોજેક્ટમાં મેટ્રો સ્ટેશન પર ચીનની કંપનીએ સ્ક્રીન ડોર લગાડવાની કામગીરી શરૂ કરી છે. અમદાવાદના મેટ્રો રેલ કામ કરતી ફાગડા નામની ચાઈનીઝ કંપનીને પ્લેટફોર્મ સ્ક્રીન ડોર માટે ૧૦૦ કરોડનો કોન્ટ્રાન્ક મેટ્રો પ્રોજેક્ટ અંતર્ગત ફળવામાં આવ્યો છે. જેમાં કંપનીને ૩૨ મેટ્રો સ્ટેશનમાં ડોર માટેનો કોન્ટ્રાક્ટ આપાયો છે. અન્ય રાજ્યો દ્વારા ભારત અને ચીન વચ્ચે વધતા તણાવ સામે ચાઈનીઝ કંપની કોન્ટ્રાક્ટ રદ્દ કરીને સ્વદેશી કંપનીને કોન્ટ્રાક્ટ આપી રહ્યા છે. તેવામાં અમદાવાદમાં મેટ્રો રેલ પ્રોજેક્ટમાં આ ચાઇના કંપનીનો કોન્ટ્રાક્ટ ક્યારે રદ થાય છે તે જાવાનું રહે છે.મોદી જી ને એક નમ્ર વિનંતી છે કે યોગી જી જેવા બાહોશ નીડર સુરવીર નેતા ને ગુજરાત ના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરો અને ગુજરાત નું ગૌરવ વધે તેનો અમને પણ આનંદ થાય .

અત્યારની ગુજરાતા સલ્તનત માં અશાંતધારો નિરંતર નિષ્ફળ સાબિત થયો છે? કારણકે કે નેતાઓ નિઝામ બની ગયા છે અને હવે તેવા નિઝામોને પુરષ્કાર રૂપે મહત્વના પદ પાર નિયુક્ત કરવામાં આવે છે જાતે દિવસે મંત્રી પણ બનાવશે વર્તમાન સલ્તનત .

એલિસબ્રિજ નું ઈસ્લામીકરણ રોકવા વર્તમાન સલ્તનતે શું કર્યું ? ઉલ્ટાનું ઈસ્લામીકરણ વધે તે માટે આંખાડે કાન કરી ને તમામ નિયમો નેવે મુક્યા છે .સ્થાનિક હિન્દુઓં સાથે વિશ્વાસઘાત કર્યો છે . જો કાયદાનું પાલન સલ્તનત ન કરે અને તેના નિઝામો લોકો સાથે વિશ્વાસઘાત કરે તો કાનૂન નું પાલન કોણ અને કેમ કરે ?

વર્ષા ફ્લેટ
મદની મસ્જિદ
ભારત માતા કી જય......
વન્દે માતરમ ......

# જાયન્ટસ મોડાસા જરૂરિયાત મંદોની સાથે :૧૦ પરિવારોને ચોમાસામાં છત્રી, તાડપત્રીનું રક્ષણ આપ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા




મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા રેલવેના મેદાનમાં છેલ્લા કેટલાક વર્ષોથી ૧૦ જેટલા શ્રમજીવી પરિવાર ઝુપડપટ્ટી બનાવી વસવાટ કરી રહ્યા છે ચોમાસાની ઋતુમાં ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા પરિવારોની વરસાદ શરુ થતાની સાથે દયનિય હાલત બને છે અને નજીકમાં આવેલ કોમ્પ્લેક્ષ બહાર આશરો મેળવવા મજબુર બનવું પડે છે ત્યારે મોડાસા જાયન્ટ્સ પરિવારે ઉપર આભ અને નીચે જમીન પણ પોતાની નથી અને ઘાસ કે તૂટીફૂટી તાડપત્રી નું ખોરડું બનાવી રહેતા પરિવારોને મોડાસા જાયન્ટ્સ ગ્રુપ દ્વારા તાડપત્રી અને છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં જાયન્ટ્સના પૂર્વ પ્રમુખ સુરેશ સોનીનો આર્થિક સહયોગ મળ્યો હતો ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારના બાળકો નજીકના બગીચામાં રમી રહ્યા હતા ત્યારે ઝાડ પડતા એક બાળક ફસાતા તેની બહેને બાળકને ઝાડની ડાળીઓમાંથી મહામુસીબતે બહાર કાઢતા દીકરીની હિંમતને પણ બિરદાવી હતી આ સેવાયજ્ઞ કાર્યક્રમમાં જાયન્સ ટ્રસ્ટી નિલેશભાઈ જોષી ,જાયન્સ પ્રમુખ નરેન્દ્ર ભાઇ પટેલ, મંત્રી પ્રવીણ પરમાર, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ સોની, ભાવેશ જયસ્વાલ ,પરેશભાઈ શાહ,મુકુન્દ શાહ હાજર રહ્યા હતા જરૂરિયાતમંદ પરિવારોને ચોમાસુ આવી પહોંચ્યું છે ત્યારે જાયન્ટ્સનો સહારો મળતાં પરિવારોના ચહેરા પર ખુશી જોવા મળી હતી

# ગુજરાતમાં એકસાથે 34 PI અને 50 PSIની બદલી થતા ખળભળાટ

ગાંધીનગર,તા.૪

ગુજરાત પોલીસબેડામાં બદલીનો સિલસિલો શરૂ થઇ ગયો છે. રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ રાજ્યના ૩૪ પીઆઈ અને ૫૦થી વધુ પીએસઆઈની તાત્કાલિકધોરણ બદલીઓ કરવાના આદેશ આપ્યા છે. જેના પગલે પોલીસબેડામાં હડકંપ મચી જવા પામ્યો છે. બદલી પામેલા પોલીસ ઈન્સ્પેક્ટરમાં અમદાવાદમાં નવા ૧૭ પોલીસ ઈન્સ્પેક્ટરનું પોસ્ટિંગ કરવામાં આવ્યુ છે. ગુજરાતના પોલીસ વડા દ્વારા અચાનક બદલીની જાહેરાત બાદ અનેક પ્રકારની ચર્ચાઓ થઇ રહી છે. વસ્ત્રાપુરના પીઆઈ એમ જાડેજાની કચ્છ પૂર્વ-ગાંધીધામ ખાતે બદલી કરી દેવામાં આવી છે, તો સાયબર સેલના પીઆઈ વી બારડને વલસાડ ખાતે ટ્રાન્સફર કરાયા છે.

અમદાવાદના ૪ પીઆઈ ની રાજ્યની અલગ અલગ જગ્યાએ બદલી કરવામાં આવી છે અને તેમના બદલે રાજ્યનાં અલગ અલગ જગ્યાએ ફરજબજાવતા પીઆઈને મુકવામાં આવ્યા છે. શુક્રવારે પોલીસ ઈસ્પેક્ટરોની આંતરજિલ્લા બદલીના ઓર્ડરો જાહેર કર્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, શિવાનંદ ઝાએ ૩૪ પોલીસ ઈસ્પેક્ટરો અને ૫૦થી વધુ પીએસઆઈની બદલી કરવાનો આર્ડર આપ્યો હતો. એક સાથે ૩૪ પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલીમાં જેમાં પશ્ચિમ કચ્છ પોલીસના નખત્રાણા પોલીસ મથકમાં ફરજ બજાવતા પીઆઈ જે.કે.રાઠોડની ગાંધીનગર, જખૌ મરીન પીઆઈ વી.કે.ખાંટની ખેડા, મુંદરા પીઆઈ પી.કે.પટેલની અમદાવાદ શહેર, લોકલ ઈન્ટેલિજન્સ બ્રાન્ચમાં ફરજ બજાવતા બી.આર.ડાંગરની રાજકોટ અને નલિયા સર્કલ પીઆઈ એ.એલ. મહેતાની અમદાવાદ શહેર ખાતે બદલી કરાઈ છે.આ ઉપરાંત અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા પીઆઈ એમ.એમ.જાડેજા, ઈન્ટેલિજન્સ પીઆઈ એસ.એન. કરંગીયાની પૂર્વ કચ્છમાં બદલી કરાઈ છે.

## ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ

# દાંતીવાડા તાલુકાના પાંથાવાડા પોલીસ સ્ટેશનમા ભારતીય બનાવટ નો પકડાયેલ વિદેશી દારૂનો નાશ કરાયો




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ દારૂની હેરાફેરી કરતા નજરે જોવા મળી રહ્યા છે. બીજી બાજુ ગુજરાત સરકાર દ્વારા દારૂબંધી ના ખોટા દાવા કરવામાં આવી રહ્યા છે. ત્યારે દાંતીવાડા તાલુકામાં પોલીસ ની નજર હેઠળ દારૂનું ધૂમ વેચાણ કરવામાં આવી રહ્યું છે તેવું લોક મુખે સાંભળવા મળ્યું છે.

પાંથાવાડા પોલીસ સ્ટેશન દ્વારા સને ૨૦૧૮ થી ૨૦૧૯ સુધીના ૧૩૮ ગુનામાં પકડાયેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ કુલ ૮૬,૪૦૩ બોટલ જેની કિંમત૧,૮૯,૭૧,૮૫૦ ની કિંમતનો મુદ્દામાલ પાંથાવાડા ની બાજુમાં આવેલ ખીમત ગામની સીમમાં જેસીબી અને રોલર મશીન દ્વારા ધાનેરા દાંતીવાડા ના એસ.ડી.એમ. યોગેશ ઠક્કર, એસ. ડી. પી. ઓ. પ્રોહિબિશનના સુપ્રિટેન્ડેન્ટ, થરાદ ડીવાયએસપી તેમજ પાંથાવાડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એમ.એમ. કુરેશી ની ઉપસ્થિતિમાં વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

## પાલનપુર નગરપાલિકા પ્રમુખ અને મુખ્ય અધિકારીને

# મિલકતવેરા રહેણાંકમાં ૨૦ ટકા તેમજ વાણિજ્ય એકમોમાં ૩૦ ટકા વળતર આપવા રજુઆત કરતા પાલિકા સદસ્ય અમૃત જોષી

પાલનપુર નગરપાલિકા સદસ્ય અમૃતભાઈ જોષીએ પ્રમુખ અને મુખ્ય અધિકારી ને રજૂઆત કરતા જણાવ્યુ હતુ કે પાલનપુર નગરપાલિકા દ્વારા ઘણા વર્ષોથી ચાલુ નાણાકીય વર્ષનો વેરો માંગણા બિલની તારીખ થી ૩૦ દીવસમાં મિલકત ધારક નાણાં ભરી જાય તો ૧૦ ટકા રકમ નું વળતર આપવામાં આવે છે

તાજેતરમાં કોરોના મહામારી ને કારણે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત આત્મનિર્ભર પેકેજ અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦/૨૧ માં રહેણાંક મિલકતમાં ૧૦ ટકા અને વાણિજ્ય મિલકતમાં ૨૦ ટકા રાહત આપવાની જાહેરાત કરવામાં આવેલ હતી તે અનુસંધાને નગરપાલિકા દ્વારા જાહેરાત કરી રહેણાંકમાં ૧૦ ૧૦=૨૦ ટકા અને વાણિજ્યમાં ૧૦ ૨૦=૩૦ ટકા મિલકત વેરામાં થોડા દિવસ રાહત આપવામાં આવેલ પરંતુ થોડા દિવસ પછી રાહત આપવાનું તેમજ વેરો ઉઘરાવવાનું થોડા સમય બંધ રાખવામાં આવેલ હતું ત્યારબાદ સોમવારે તારીખ ૨૯/૦૬/૨૦૨૦ થી ફરીથી નગરપાલિકા દ્વારા વેરો ઉઘરાવવાનું શરૂ કરવામાં આવતા રહેણાંક મિલકત વેરામાં ચાલુ વર્ષના ટેક્ષમાં ૧૦ ટકા જ વળતર તેમજ વાણિજયમાં ૨૦ ટકા જ વળતર આપવામાં આવે છે તે ગેરવ્યાજબી છે.ગુજરાત સરકારે વળતર જાહેર કર્યું તે પહેલા નગરપાલિકા દ્વારા વર્ષોથી નિયમીત વેરો ભરનારને ૧૦ ટકા વળતર મિલકત વેરામાં આપવામાં આવતું હતું તેમાં ઉમેરો કરીને રહેણાંકમાં ૧૦ ૧૦=૨૦ ટકા વળતર તેમજ વાણિજયમાં ૧૦ ૨૦=૩૦ ટકા વળતર મિલકત વેરામાં નિયમ મુજબ આપવું પડે

આમ ચાલુ વર્ષના મિલકતવેરામાં રહેણાંકમાં ૨૦ ટકા તેમજ વાણિજ્યમાં ૩૦ ટકા વળતર આપવા અમૃત જોષીએ રજુઆત કરેલ છે.




આજરોજ પાલનપુર મુકામે નિસ્વાર્થ સેવા સંગઠનના માધ્યમથી પરમ પૂજ્ય સ્વામી વિવેકાનંદની ૧૧૮મી પુણ્ય તીથી પર નિસ્વાર્થ સેવા સંગઠન પ્રમુખ નીતીનભાઈ ઠાકોર રબારી સમાજના આગેવાન અને ગોપાલ સેના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ ઠાકુર દાસભાઈ ખત્રી સ્મેશભાઈ ગુપ્તા હાજર રહી પુષ્પ અર્પણ કરવામાં આવ્યા

## દાહોદ જિલ્લાનું વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું આયોજન

# ૧૩૫૮ વિકાસ કાર્યો માટે રૂ ૧૧૦૦ લાખની રકમની જોગવાઈ

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૪

દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૧૩૫૮ વિકાસ કાર્યો માટે રૂ. ૧૧૦૦ લાખની રકમની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ૧૫ ટકા વિવેકાધીન સામાન્ય વિકાસ કાર્યો જે કુલ ૧૦૦૪ કાર્યો માટે રૂ. ૮૧૫.૫૦ લાખની રકમની જોગવાઇ કરવામાં આવી છે. જયારે ટી.એ.એસ.પી. અંતર્ગત ૩૦૫ કામો માટે રૂ. ૨૩૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ઉપરાંત ખાસ અંગભૂત ૩૬ કામો માટે રૂ. ૨૭ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. જયારે ૫ ટકા પ્રોત્સાહક ૧૩ કામો માટે રૂ. ૨૨.૫૦ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રથી લઈ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાંસાયક્લોનિકસર્ક્યુલેશન સક્રિય થઈ ગઈ હોવાથી સૌરાષ્ટ્ર સહિત પૂરા રાજ્યમાં સાર્વત્રિક અને ભારે વરસાદ પડવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જે મુંબઈ થઈને ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. જેથી હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે.

આ સિવાય દાદરાનગર હવેલી, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, ગીર સોમનાથ, કચ્છ, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ, તાપી, ડાંગમાં પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામન વિભાગના ડિરેક્ટર જયંત સરકારે જણાવ્યા મુજબ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. જયારે અમદાવાદમાં આજે સામાન્ય અને આવતીકાલે ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. દાદરા નગર હવેલી, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, ગીર સોમનાથ, કચ્છ, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગમાં ભારે વરસાદની આગાહી કરી છે.

# વાદળ સાથે વાતું કરતો જૂનાગઢ નો ઉંચો ગઢ ગિરનાર



(જીજ્ઞેશ પટેલ દ્વારા )

જૂનાગઢમાં સારા વરસાદ ના આગમન બાદ ગિરનાર પર્વત ઉપર સુંદર દ્રશ્ય જોવા મળ્યું હતું ગિરનાર પર્વત જાણે વાદળો સાથે વાતો કરતો હોય તેવા નયનરમ્ય દ્રશ્યો સર્જાયા હતા જૂનાગઢ માં રહેતા ડેનિશ ત્રાંબડીયા એ પોતાના મોબાઈલ માં ફોટો કિલક કરીયો હતો

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

## ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક નાં અહેવાલ નો પડઘો

# કેશોદ નગરપાલિકા સત્તાધિશો દ્વારા મિલ્કત વેરામાં ઘટાડો જાહેર કર્યો

## કેશોદ હિતરક્ષક સમિતિ દ્વારા મિલ્કત ધારકોને રાહત નો લાભ લેવા અનુરોધ.

કેશોદ

કોરોના મહામારી માં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉન થી છેલ્લાં ત્રણેક મહિના ધંધા રોજગાર બંધ હોવાથી કેશોદ શહેરમાં વસતાં શહેરીજનો ને મિલ્કત વેરામાં ઘટાડો કરવાની માંગ કેશોદ હિતરક્ષક સમિતિ ના કન્વીનર રાજુભાઈ પંડ્યા એ કરેલી હતી જેનો અહેવાલ ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક અખબાર માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. કેશોદ નગરપાલિકા સત્તાધિશો દ્વારા હકારાત્મક અભિગમ અપનાવીને મિલ્કત વેરામાં રાહત આપવાનું જાહેર કર્યું છે.

કોવીડ-૧૯ મહામારી થી ઉદભવેલા પ્રતિકુળ આર્થિક પરિસ્થિતિ માં રાજ્ય સરકાર દ્વારા અર્થતંત્રને પુનઃ વેગવંતુ બનાવવા આત્મ નિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે એ અંતર્ગત કેશોદ નગરપાલિકા દ્વારા કેશોદના રહેણાંક હેતુ માટે ની મિલકતો પર આગામી તા.૩૧/૭/૨૦૨૦ સુધીમાં મિલ્કત વેરો ભરવામાં આવશે તો ૧૦% માફી આપવામાં આવશે અને કેશોદ શહેરમાં વાણીજ્ય હેતું ની આવેલી મિલ્કતો દુકાનો, ઓફિસોના વેરામાં તા. ૩૧/૮/૨૦૨૦ સુધીમાં ભરપાઈ કરવામાં આવશે તો મિલ્કત વેરામાં ૨૦% રાહત આપવામાં આવશે.

કેશોદ હિતરક્ષક સમિતિ ના કન્વીનર રાજુભાઈ પંડ્યા, નગરપાલિકા પ્રમુખ યોગેશભાઈ સાવલીયા,ચીફ ઓફિસર પી.એ.ચાવડા ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ પ્રવિણભાઈ વિઠ્ઠલાણી એ કેશોદ શહેરમાં વસતાં તમામ મિલ્કત ધારકોને આત્મ નિર્ભર પેકેજ નો લાભ લેવા સમય મર્યાદામાં મિલ્કત વેરો ભરીને આર્થિક લાભ મેળવવા માટે અપીલ કરી છે. કેશોદ હિતરક્ષક સમિતિ ના કન્વીનર રાજુભાઈ પંડ્યા એ જણાવ્યું હતું કે કેશોદના શહેરીજનો નગરપાલિકા સત્તાધિશો દ્વારા અને રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક અભિગમ અપનાવીને મિલ્કત વેરામાં રાહત આપી છે ત્યારે આપણે પણ સમયસર વેરો ભરપાઈ કરી ને શહેરના વિકાસ માં સાથ સહકાર આપવા અપીલ કરી છે. હિસાબી વર્ષ ૨૦૨૦-૨૦૨૧ નાં મિલ્કત વેરામાં રાહત આપવાની જાહેરાત ને શહેરનાં અગ્રણીઓ દ્વારા આવકારવામાં આવેલ છે અને શહેરનાં ચાલીસ હજાર જેટલા મિલ્કત ધારકો ઉત્સાહ સાથે મિલ્કત વેરો ભરીને કેશોદ નગરપાલિકા ને આર્થિક સધ્ધરતા લાવવામાં પોતાની નૈતિક ફરજ બજાવી રહ્યા છે.

## દાંતીવાડા તાલુકાના વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દલ

# દાંતીવાડા પ્રખન્ડ દ્વારા શ્રી રામ મંદિર નિર્માણ માટે માટી અર્પણ કરાઈ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

અયોધ્યા નગરીમાં શ્રીરામ ભગવાનનું ભવ્યતા ભવ્ય ઐતિહાસિક મંદિર નું નિર્માણ થઈ રહ્યું છે. તેના નિર્માણ કાર્યમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સમગ્ર ભારતમાંથી પવિત્ર તિર્થસ્થાનો અને પવિત્ર નદીઓનાં નીરથી ભગવાન શ્રી રામ નું ભવ્ય મંદિર બનાવવામાં આ પવિત્ર માટી અને જળ નો પણ ઉપયોગ કરવામાં આવશે,ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા અને દાંતીવાડા પ્રખંડ દ્વારા ડાંગિયા મહાદેવ મંદિર,જેગોલ સાચેવર મહાદેવ મંદિર અને ગંગેશ્વર મહાદેવ મંદિર થી પવિત્ર માટી અને જળ એકત્રિત કરી તેનુ વિધિવત્ પૂજન કરવામાં આવ્યું હતું. અને આ કળશની માટી અને પવિત્ર નદીનું જળ અયોધ્યા રામ મંદિર માટે મોકલી આપવા સંકલ્પ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત ધીરુભાઈ કપુરીયા ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ, શ્રી પ્રભુદાસ ભાઈ મોદી વિશ્વ હિન્દુ પરિસદ વિભાગ મંત્રી,પી જે ચૌધરી પૂર્વ ઇંઅર્જ, મહેશ ભાઈ ચૌધરી બજરંગ દલ જિલ્લા પ્રમુખ, જીતુભાઇ ગૌસ્વામી વીહીપ જિલ્લા કાર્યકારી સદસ્ય , ભરતભાઇ સોલંકી વીહીપ પ્રખન્ડ ઉપપ્રમુખ , જીતુભાઈ ચૌધરી વીહીપ પ્રખન્ડ સહ મંત્રી , અશોકભાઈ ઠક્કર વિહિપ પ્રખન્ડ મંત્રી,મુકેશ ચૌધરી બજરંગ દલ પ્રખન્ડ પ્રમુખ , તથા નટુભાઈ ચૌધરી બજરંગ દલ કાર્યકર્તા, વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં

# પડતર કામોનો બે માસમાં ઝડપી નિકાલ કરાતા કર્મચારીઓમાં આનંદની લાગણી

મોટી ઈસરોલ, તા.૪

અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં પડતર તમામ કામોનો બે માસમાં ઝડપી નિકાલ કરાતા કર્મચારીઓમાં આનંદની લાગણી વ્યાપી છે.નિવૃત્ત કર્મચારીઓના જીપીએફ સહિતના ચાર ચાર વર્ષના પડતર પ્રશ્નો અને નાણાં પણ સંબંધિત કર્મચારીઓને ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીના કેસોનો નિકાલ કરી ચૂકવી દેવાતા કર્મચારીઓમાં રાહત સાથે ખુશી વ્યાપી ગઈ છે.

જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલની પ્રશંસનીય કામગીરીને કારણે હવે તો શાળાઓના તમામ કર્મચારીઓના પગાર પણ ઓનલાઈન કરી દેવામાં આવ્યા છે અને છેલ્લા મહિનાઓથી પગારો સીધા ખાતામાં જમા થઈ જાય છે.જે અગાઉ અનિયમિત થતા હતા. કોરોના મહામારીના હાલના સમયમાં પણ આ કચેરીના કર્મચારીઓ દ્વારા સતત કામગીરી કરીને જુના પડતર કામોનો નિકાલ કરવામાં આવતા નિવૃત કર્મચારીઓમાં આનંદની લાગણી વ્યાપી છે.

## લોકડાઉનના સમયગાળામાં બિમાર ૨૮૭૬૩ પશુઓની સારવાર કરાઈ

# અરવલ્લીમાં ચોમાસા પૂર્વે ૨.૭૦ લાખથી વધુ પશુઓનું રસીકરણ કરાયું

અરવલ્લી બ્યુરો મોડાસા



અરવલ્લીમાં પશુપાલન એ પૂર્ણ સમયના વ્યવસાય તરીકે વિકાસ પામ્યો છે ત્યારે પશુઓની સાર-સંભાળની સાથે તેના સમયાંતરે રસીકરણ કરી તેમના આરોગ્યની માવજત પશુપાલકો દ્વારા કરવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લામાં ખેતીની સાથે પશુપાલનનો વ્યયસાયનો પણ વિકાસ થઇ રહ્યો છે અને પશુપાલન થકી જ આર્થિક ઉપાર્જન કરી રહ્યા છે. પશુપાલકોની આવકમાં વધારો કરવા પશુઓ સ્વસ્થ્ય હોવા જરૂરી છે. જેને લઇ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પશુરોગચાળા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત (NADCP) પશુઓને રોગચાળાથી બચાવવા તેમની આવકના મુખ્ય સ્ત્રોત સમાન પશુઓને ચોમાસા સિઝન પૂર્વે રોગચાળાથી બચાવવા ખરવા-મોવાસા રોગને નાબૂદ કરવા સઘન રસીકરણ હાથ ધરાયું છે જેમાં અરવલ્લીના ૨,૭૩,૦૧૫ પશુઓને સઘન રસીકરણ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

જેમાં અરવલ્લી પશુપાલન વિભાગ દ્વારા લોકડાઉના સમયગાળા દરમિયાન મોડાસાના ૪૦૧૨૬ ધનસુરાના ૨૧૬૯૫, બાયડના ૭૭૬૨૯ માલપુર ૪૭૩૮૨, મેઘરજ ૩૪૯૯૧ અને ભિલોડાના ૫૧૧૯૨ મળી કુલ ૨૭૩૦૧૫ પશુઓને રસીકરણ કર્યુ છે જયારે લોકડાઉનના સમયગાળામાં પશુપાલન વિભાગ દ્વારા ૨૮૭૬૩ બિમાર પશુઓની સારવાર કરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK